P.07



ફૂની સીકવલમાં કરીના કન્ફર્મ, તબુ અને કિતીનો રોલ અનિશ્ચિત

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

કાંતારા પ્રીકવલની ટક્કરથી જાહ્નવીની ફ્લ્મને સ્ક્રીનનાં ફાંફા



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૬૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો સુદ ૧૦ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 60 • Dt.01-10-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


રશિયાએ ઈરાન સાથે કર્યો પરમાણુ કરાર । તેહરાન નજીક આઠ પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે




07

01 OCTOBER- 2025 WEDNESDAY



07

ભારતની ફોર્મ્યુલા અપનાવીને ડોનાલ્ડ ટ્રમ્પ-નેતન્યાહુ ગાઝામાં સ્થાપશે શાંતિ

**ગુજરાત પોલીસે સાયબર ક્રાઇમ સામે મોટી કાર્યવાહી**

## ગુજરાત પોલીસે દુબઈ, વિયેતનામ અને કંબોડિયાથી કાર્યરત એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો છે

# સાયબર ફ્રોડ કરનારાઓ સામે કાર્યવાહી પીડિતોને ૫.૫૧ કરોડ પરત

### વડોદરાના એક વરિષ્ઠ નાગરિક સાથે પ્રતિષ્ઠિત વીમા કંપનીઓના નામે નફાના વચનો આપીને છેતરપિંડી કરવામાં આવી હતી । પોલીસે ૪.૯૧ કરોડ પરત કર્યા હતા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમ સામે મોટી કાર્યવાહી કરી છે. છેતરપિંડીનો ભોગ બનેલા લોકોને ૫.૫૧ કરોડ રૂપિયાથી વધુ રકમ પરત કરવામાં આવી છે. ૮૦૪ કરોડની આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઈમ ગેંગનો પણ પર્દાફાશ થયો છે. ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે પોલીસે ગુજરાતના રહેવાસીઓના મહેનતના પૈસા લૂંટનારા સાયબર છેતરપિંડી કરનારાઓ સામે યુદ્ધ છેડ્યું છે. સંઘવીએ ઉમેર્યું હતું કે “તેરા તુઝકો અર્પણ” કાર્યક્રમ હેઠળ, ગાંધીનગરમાં સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે નાગરિકોને નોંધપાત્ર રકમ પરત કરી છે.એક મોટા કેસમાં, વડોદરાના એક વરિષ્ઠ નાગરિક સાથે પ્રતિષ્ઠિત વીમા કંપનીઓના નામે નફાના વચનો આપીને છેતરપિંડી કરવામાં આવી હતી. પોલીસે ૪.૯૧ કરોડ પરત કર્યા હતા. બીજા એક કેસમાં, અમદાવાદની એક વરિષ્ઠ મહિલાને નકલી પોલીસ અધિકારી દ્વારા ડિજિટલી ધરપકડ કરવામાં આવી હતી, ડ્રગ કેસમાં ફસાવવાની ધમકી આપવામાં આવી હતી અને સ્કાયપે દ્વારા ૧૨ દિવસ સુધી નજરકેદ રાખીને ૪૮ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. પોલીસે આ રકમ પણ રિકવર કરી છે.આંતરરાષ્ટ્રીય નેટવર્ક પર કાર્યવાહી અંગે, હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસે દુબઈ, વિયેતનામ અને કંબોડિયાથી કાર્યરત એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ સામાન્ય નાગરિકોને ૧.૫ થી ૨ ટકા કમિશન આપીને તેમના બેંક ખાતા અને સિમ કાર્ડ મેળવતી હતી.




હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે સાયબર છેતરપિંડીનો ભોગ બન્યાના પહેલા કલાકમાં, એટલે કે ગોલ્ડન અવરમાં, સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કૉલ કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે ભારતમાં ડિજિટલ ધરપકડ માટે કોઈ કાનૂની જોગવાઈ નથી. આવા છેતરપિંડીભર્યા કોલથી ડરવાની જરૂર નથી.નાગરિકોને રાતોરાત કરોડપતિ યોજનાઓ અને સોશિયલ મીડિયા પર અજાણી લિંક્સથી સાવચેત રહેવા વિનંતી કરતા, તેમણે ચેતવણી આપી હતી કે પૈસા માટે કોઈને પણ પોતાનું બેંક એકાઉન્ટ અથવા સિમ કાર્ડ આપવું એ ગંભીર ગુનો છે. આવું કરનાર કોઈપણને છેતરપિંડીનો સાથી ગણવામાં આવશે. ગુજરાત પોલીસ વિશ્વના કોઈપણ ખૂણામાંથી, અંડરવર્લ્ડમાંથી પણ, સાયબર ગુનેગારોનો શિકાર કરશે

**ઝુંડાલ સર્કલ, આર.ટી.ઓ.તથા નિકોલ ખાતેના પ્લોટમાં ડીપો પણ બનાવાશે**

## અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા એસટી, એએમટીએસ, બીઆરટીએસ માટે બસ ટર્મિનલ બનાવવા દરખાસ્ત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

ઝુંડાલ સર્કલ, આર.ટી.ઓ.તથા નિકોલ ખાતેના પ્લોટમાં ડીપો પણ બનાવાશે અમદાવાદમાં ઘેરી બનતી ટ્રાફિક સમસ્યાને હળવી કરવા એસ.ટી. ઉપરાંત એ.એમ.ટી.એસ.તથા બી.આર.ટી.એસ. બસ સેવા માટે હાઈવે નજીક બસ ટર્મિનલ બનાવવા દરખાસ્ત વિચારણા હેઠળ છે.ઝુંડાલ સર્કલ ઉપરાંત નિકોલ-કઠવાડા તથા આર.ટી.ઓ.પાસે આવેલા પ્લોટમાં બસ ડીપો પણ બનાવાશે. હાઈવે પાસેની જગ્યામાં આ ત્રણે બસ સર્વિસની એક સાથે બસ પાર્ક થવાથી ટ્રાફિક પણ સરળ બનશે એવી સંભાવના વ્યકત કરાઈ રહી છે.શહેરના એક દાયકામા થયેલા વિસ્તાર અને વિકાસને લઈ અમદાવાદ બહારથી આવતી એસ.ટી.બસ ઉપરાંત કોર્પોરેશન દ્વારા દોડાવાતી એ.એમ.ટી.એસ.તથા બી.આર.ટી.એસ. બસો પણ અવારનવાર ટ્રાફીકની ગીચતામા ફસાઈ જતી જોવા મળે છે.એ.એમ.ટી.એસ.કમિટી સમક્ષ ઝુંડાલ સર્કલ રોડ પાસે આવેલ ૧૦,૦૧૫ ચોરસમીટર, ગાંધી આશ્રમ, આર.ટી.ઓ. સર્કલ પાસે ૧૦,૦૦૪ ચોરસમીટર તથા નિકોલ-કઠવાડા ખાતે ૧૬,૩૪૨ ચોરસ મીટર જગ્યા ડેવલપ કરી બસ ટર્મિનલ તથા ડીપો બનાવવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એ.એમ.ટી.એસ.ને ફાળવવામા આવ્યા છે.એ.એમ.ટી.એસ. ચેરમેન ધરમસિંહ દેસાઈએ કહયુ,આ કામગીરી કરવા ડિઝાઈન અને કન્સલ્ટન્ટ તરીકે એચસીપી ડિઝાઈન પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રા.લી.ને નિમણૂંક આપવા ચાર ટકા ઉપરાંત જી.એસ.ટી.ના ભાવથી આપવાની દરખાસ્ત ઉપર કોઈ નિર્ણય લેવાયો નથી.







## એક્ટિવા હટાવવાના બદલે ચેરમેન સહીત બે ઉપર ખૂની હુમલો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

વટવામાં ગઈકાલે પડેલા મુશળધાર વરસાદના કારણે સોસાયટીમાં પાણી ભરાઈ ગયા હતા જેના કારણે નવરાત્રીના ગરબા માટે માતાજીની માંડવીના સ્થળે સોસાટીના ચેરમેન અને રહીશો પાણીનો નિકોલ કરતા હતા. આ સમયે સોસાટયટીમાં ભાડે રહેતા બે ભાઈએ જાણી જોઈને મંડપ પાસે એક્ટિવા પાર્ક કર્યુ હતું તેઓને હટાવવાનું કહેતા દાદાગીરી કરીને વાહન અહીથી નહી હટે કહીને ચેરમેનને ધમકી આપીને બાજુમાં ઉભેલા યુવકના ખિસ્સામાંથી ડિસમીસ લઈને ચેરમેન તથા અન્ય યુવકને માથામાં ડિસમીસના ઘા મારીને લોહી લુહાણ કરતા બન્ને હાલમાં સારવાર હેઠળ છે.

## ગીર સોમનાથના મૂળ દ્વારકા ગામે બોગસ ડોક્ટર ઝડપાયો

। પ્રતિનિધિ, ગીર સોમનાથ,તા.૩૦ ।

રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી નકલીની વણઝાર લાગી છે. ત્યારે વધુ એક વખત રાજ્યમાંથી નકલી ડોકટર ઝડપાયો છે. ગીર સોમનાથના મૂળ દ્વારકા ગામે બોગસ ડોકટર ઝડપાયો છે. જિલ્લા જીંએ બોગસ ડોક્ટરની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર ડિગ્રી વગર એલોપેથીક પ્રેક્ટિસ કરતો હોવાનો ખુલાસો થયો છે. દવાઓ સહિત ૮ હજારનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.ઉલ્લેખનીય છે કે મૂળ દ્વારકા ગામે ડિગ્રી વગર વ્યક્તિ એલોપેથીક પ્રેક્ટિસ કરતો હોવાનો ખુલાસો થયો છે. ગામમાંથી બોગસ ડોક્ટરને ત્યાં દરોડા પાડી તેની ધરપ કડ કરવામાં આવી છે. આ સાથે તેના દવાખાનામાં રાખવામાં આવેલી દવા સહિત ૮ હજારનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. જો કે બોગસ ડોક્ટર કેટલાક સમયથી પ્રેક્ટિસ કરી રહ્યો હતો.

### બિલ્ડર, ડોક્ટર અને વેપારીઓમાં ફફડાટ

# મોડાસામાં ૪૫ સ્થળ પર ઇન્કમટેક્સ વિભાગના દરોડા

**અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ઇન્કમટેક્સ વિભાગ દ્વારા વહેલી સવારથી જ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું**

। પ્રતિનિધિ, અરવલ્લી, તા.૩૦ ।

ગુજરામાં ફરી એક વાર ઈન્કમટેક્સ વિભાગે દરોડા પાડ્યા છે. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ઈન્કમટેક્સ વિભાગ દ્વારા વહેલી સવારથી જ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યવાહી હેઠળ શહેરના ૪૫ થી વધુ અગ્રણી બિલ્ડરો, ડોકટરો અને વેપ ારીઓના નિવાસ્થાનો અને વ્યવસાયિક સ્થળો પર ઈન્કમટેક્સ વિભાગની ટીમો દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઓપરેશનની વ્યાપકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓની ટીમો ૭૦ થી વધુ વાહનોના કાફલા સાથે મોડાસા પહોંચી હતી.વહેલી સવારથી જ શરૂ થયેલી આ કાર્યવાહીને કારણે મોડાસા શહેરમાં એક પ્રકારનો અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈન્કમટેક્સ વિભાગના આ અચાનક અને મોટાપાયાના સર્ચથી સ્થાનિક બિલ્ડરો, ડોકટરો અને વેપારીઓમાં ભારે ફફડાટ અને ચિંતા ફેલાઈ ગઈ છે. અધિકારીઓ દ્વારા તમામ દસ્તાવેજો, હિસાબ-કિતાબ, અને અન્ય નાણાકીય વ્યવહારોની ઊંડાણપ ૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ સર્ચ ઓપ રેશન માત્ર અમુક ગણ્યાગાંઠ્યા સ્થળો પ ૂરતું મર્યાદિત નથી. મોડાસા શહેર અને તેની



આસપાસના વિસ્તારોમાં આવેલા સંબંધિત વ્યક્તિઓની અન્ય ભાગીદારીઓ, વહીવટી કાર્યસ્થળો અને સંલગ્ન મિલકતો સહિત અનેક સ્થળોએ એકસાથે આ તપાસ ચાલી રહી છે. આનો અર્થ એ થાય છે કે ઈન્કમટેક્સ વિભાગે આ કાર્યવાહી માટે પૂર્વતૈયારી કરી હતી અને એક વિશાળ નેટવર્કને આવરી લેવાનું લક્ષ્ય રાખ્યું હતું.આઈટી વિભાગની આ કાર્યવાહી કયા કારણોસર કરવામાં આવી છે તેની સત્તાવાર વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, પરંતુ સામાન્ય રીતે આવા મોટાપાયાના સર્ચ ઓપરેશનો ટેક્સ ચોરી, બિનહિસાબી સંપત્તિ અથવા શંકાસ્પદ નાણાકીય વ્યવહારોના આરોપોના આધારે હાથ ધરવામાં આવતા હોય છે. આ ઓપ રેશન મોડાસાના આર્થિક અને વ્યાપારિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યું છે.ગુજરામાં ફરી એક વાર ઈન્કમટેક્સ વિભાગે દરોડા પાડ્યા છે. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ઈન્કમટેક્સ વિભાગ દ્વારા વહેલી સવારથી જ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

## જામનગરના બેડેશ્વર વિસ્તારમાં ૮૦ મકાનોમાં ભરાયા વરસાદી પાણી

। પ્રતિનિધિ, જામનગર, તા.૩૦ ।

જામનગર શહેરમાં આવેલા બેડેશ્વર વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જતા લોકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ગઈકાલ રાત્રિથી લોકોના ઘરોમાં ગોઠણસમા પાણીનો ભરાવો થયો છે જેના કારણે આખી રાત લોકોએ જાગીને પસાર કરવી પડી હતી. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રેલવે ટ્રેકનું કામ ચાલુ હોવાથી પાણીના નિકાલ માટેની કોઈ જગ્યા બચી નથી. જેના કારણે લોકોના ઘરોમાં પાણી ભરાઈ જાય છે. લોકોબેડેશ્વરના વૈશાલીનગરના પાછળનો વિસ્તાર પાણી-પાણી થયો છે. આ વિસ્તારમાં આવેલા અંદાજિત ૮૦ જેટલા ઘરોમાં પાણી ભરાઈ જતા લોકો હાલાકી વેઠવા મજબુર બન્યા છે. ત્યારે સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા કોઈ જ રાહત બચાવ માટેની કે પાણી નિકાલ માટેની વ્યવસ્થા કરવામાં આવતી નથી. લોકોની તમામ ઘરવખરીને ભારે નુકસાન પહોંચ્યુ છે, ખાવા-પીવાની ચીજવસ્તુઓ પણ પલળી જતા લોકો પારાવાર મુશ્કેલીમાં મુકાયા છે.જામનગર શહેરમાં આવેલા બેડેશ્વર વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જતા લોકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ગઈકાલ રાત્રિથી લોકોના ઘરોમાં ગોઠણસમા પાણીનો ભરાવો થયો છે જેના કારણે આખી રાત લોકોએ જાગીને પસાર કરવી પડી હતી. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રેલવે ટ્રેકનું કામ ચાલુ હોવાથી પાણીના નિકાલ માટેની કોઈ જગ્યા બચી નથી.

### સીઆઇડીએ ભુજની કોર્ટમાં રજુ કરીને ૫ દિવસના રિમાન્ડ ઉપર મેળવી તપાસ શરૂ કરી

# ભુજમાં ડિગ્રી વગર લોકોના પૈસે હોસ્પિટલ ખોલી, અઢી કરોડ રૂપિયાની ઠગાઈમાં જૈનુલ કાજાણીની ધરપકડ

। પ્રતિનિધિ, દ્વારકા, તા.૨૯ ।

મેડિકલ ડિગ્રી વગર અને લોકોના પૈસે ભુજમાં હોસ્પિટલ બનાવનાર જૈનુલ કાજાણી નામના બોગસ ડોક્ટરને સીઆઈડી ક્રાઈમની ટીમે પકડી પ ાડ્યો છે. બોગસ સટીફીકેટ ઊભા કરીને શિવાલીકા ગ્રૂપના પ્રોપરાઈટર સહિતનાઓ સાથે ભાગીદારીમાં ભુજમાં હોસ્પિટલ શરૂ કરીને ભાંડો ફુટ્યા બાદ રાતો રાત હોસ્પિટલ બંધ કરીને ભાગી જનારા તબીબ સામે અઢી કરોડની ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી. જે બાદ સીઆઈડી ક્રાઈમ બોર્ડર ઝોનની ટીમ દ્વારા આરોપી ડૉક્ટરને ભરૂચ ખાતેથી ઝડપી પાડીને ભુજની કોર્ટમાં રજુ કરીને ૫ દિવસના રિમાન્ડ ઉપર મેળવી તપાસ શરૂ કરી છે.સીઆઈડી ક્રાઈમ બોર્ડર ઝોન



ભુજ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર કે.સી.રાઠોડે જણાવ્યું હતું કે, 'ભુજ રહેતા આરોપી જૈનુલ અમીઅલી કાજાણી કે, પોતે ડૉક્ટર ન હોવા છતાં અમદાવાદના સૃષ્ટિબેનના ગુજરાત મેડીકલ કાઉન્સીલ સર્ટીફીકેટમાં પ ોતાની માહિતી બતાવીને ડૉક્ટર તરીકેના ખોટા સર્ટીફીકેટ તેનો ખરા તરીકે ઉપયોગ કરીને હોસ્પિટલ ચાલુ કરવા સરકારી કચેરી કચેરીમાં ઉપ યોગ કરી રજીસ્ટર્ડ પ્રેક્ટિશનર ન હોવા છતાં ડૉક્ટર તરીકેની પ્રેક્ટિસ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કર્યા હતા.આરોપી જૈનુલ કાજાણીએ ભુજના ઘનશ્યામનગર ખાતે હોસ્પિ ટલ બનાવવા માટે મીરજાપર ખાતે આવેલી શિવાલીકા ફાર્મસીના માલિક અને શિવાલીકા ગ્રૂપના પ્રોપરાઈટર ફરિયાદી અંકિત અનુપગીરી ગોસ્વામી અને અર્જુન અજાણી સહિતનાઓને પોતાના એમ.ડી. તરીકેના બોગસ સર્ટીફીકેટ બતાવી તેમજ અલગ અલગ હોસ્પિટલની કામગીરી તથા ઓપ રેશના વીડિયો બતાવીને હોસ્પિટલમાં ભાગીદાર તરીકે રહેવા વિશ્વાસમાં લઈને ૨ કરોડ ૫૦ લાખ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. ત્યારબાદ આરોપી પાસે રહેલા મેડીકલ સર્ટીફીકેટ તપાસમાં બોગસ નીકળતાં આરોપી તબીબ રાતો રાત હોસ્પિટલ બંધ કરીને ફરાર થઈ ગયો હતો.ક્રાઈમના કેસિડે જણાવ્યું હતું કે, 'આરોપી જૈનુલ કાજાણીનું તબીબી અભ્યાસનું છેલ્લુ વર્ષ બાકી હતું.

## માતા-પિતા પાસેથી સ્કૂલ સર્ટિફિકેટ્સ મેળવવા ૧૫ વર્ષીય છોકરીની હાઈકોર્ટમાં અરજી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

વડોદરાની એક ૧૫ વર્ષીય છોકરીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરીને ચાઈલ્ડ વેલફેર કમિટીને તેના માતા-પિતા પાસેથી તેના એજ્યુકેશનના સર્ટિફિકેટ્સ મેળવવાનો આદેશ આપવાની માંગ કરી છે.વડોદરાની એક ૧૫ વર્ષીય છોકરીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરીને ચાઈલ્ડ વેલફેર કમિટીને તેના માતા-પિતા પાસેથી તેના એજ્યુકેશનના સર્ટિફિકેટ્સ મેળવવાનો આદેશ આપવાની માંગ કરી છે, જેથી કરીને તે વડોદરામાં પ ોતાનો અભ્યાસ ચાલું રાખી શકે.અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ પ્રમાણે, આ છોકરીના માતા-પિતાએ તેનું એડમિશન પાટણની એક સ્કૂલમાં ધોરણ-૧૧માં કરાવ્યું હતું. જોકે, તે પાટણ જવા ન હતી ઈચ્છતી અને તે પોતાના નાના-નાનીને ત્યાં વડોદરામાં રહેવા ઈચ્છતી હતી. તેના નાના-નાનીએ વડોદરાની એક સ્કૂલમાં તેનું પ્રોવિઝનલ એડમિશન લીધું હતું. છોકરીના માતા-પિતા પાટણમાં રહેતા હતા અને તેને વડોદરામાં પોતાના નાના-નાનીને ત્યાં મૂકી હતી, અને તેના અભ્યાસનો ખર્ચો પણ તેઓ જ ઉઠાવતા હતા. અરજી પ્રમાણે, છોકરીએ ધોરણ-૧૦નો અભ્યાસ પૂરો કર્યો.

## એલિસબ્રિજ પાસે ૨ ટ્રક સાથે ૧ કાર અને બે બાઈક વચ્ચે સર્જાયો અકસ્માત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

એલિસબ્રિજ પાસે ૨ ટ્રક સાથે ૧ કાર અને બે બાઈક વચ્ચે સર્જાયો અકસ્માત,ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે અમદાવાદમાં ફરી એક વખત અકસ્માતની ઘટના બની છે. એલિસબ્રિજ પાસે બે ટ્રક સાથે ૧ કાર અને બે બાઈક અથડાતા અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જઈ રહેલી ટ્રકે અચાનક બ્રેક મારતા અકસ્માતની ઘટના બની હતી. પાછળ આવી રહેલો ટ્રક બેકાબૂ બનતા અન્ય વાહનને અડફેટે લીધા હતા. અકસ્માતમાં ત્રણ લોકોને ઈજા થઈ છે. ત્યારે મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે. મળતી માહિતી અનુસાર બંન્ને ટ્રક એક જ કંપનીના હોવાનું સામે આવ્યું છે. અકસ્માત બાદ ડ્રાઈવર ફરાર થયો છે. જો કે પોલીસે ક્લીનરની અટકાયત કરી છે.એલિસબ્રિજ ચાર રસ્તા નજીક પોલીસ સ્ટેશન સામે મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે ટ્રક પૂરઝડપે જઈ રહી હતી. દરમિયાન આગળની ટ્રકે બ્રેક મારતા પાછળના ટ્રકચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને અન્ય વાહનોને અડફેટે લીધા. ડ્રાઈવર નશાની હાલતમાં હોવાનો પણ સ્થાનિકોએ આક્ષેપ કર્યો.

એલિસબ્રિજ પાસે ૨ ટ્રક સાથે ૧ કાર અને બે બાઈક વચ્ચે સર્જાયો અકસ્માત,ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે.




## ગુજરાતમાં વર્ષ ૨૦૨૫માં મગફળીનું મબલખ ઉત્પાદન થયા હોવાનો અંદાજ

# ટેકાના ભાવે મગફળી ખરીદવી કે નહીં, ખુદ રાજ્ય સરકાર જ અસમંજસમાં : ખેડૂતો મૂંઝવણમાં મૂકાયા

**રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવા મોટાઉપાડે જાહેરાત કરી હતી, પરંતુ હજુ સુધી ખરીદી શરૂ કરાઈ નથી, પરિણામે ખેડૂતો નારાજ થયાં**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાતમાં વર્ષ ૨૦૨૫માં મગફળીનું મબલખ ઉત્પાદન થયા હોવાનો અંદાજ છે. રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવા મોટાઉપાડે જાહેરાત કરી હતી, પરંતુ હજુ સુધી ખરીદી શરૂ કરાઈ નથી, પરિણામે ખેડૂતો નારાજ થયાં છે. ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવી કે નહીં તે અંગે ખુદ સરકાર જ નિર્ણય લઈ શકી નથી. ત્યારે ભારતીય કિસાન સંઘે મોરચો માંડ્યો છે. એવી માંગ કરાઈ છે કે, રાજ્ય સરકારે ક્યારે ટેકાના ભાવે મગફળી ખરીદશે તે જાહેર કરે.છેલ્લાં એકાદ બે દિવસથી ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં તો વિનાશ વેર્યો છે. પાછોતરા વરસાદે મગફળી અને કપાસને પણ ખૂબ નુકશાન પહોંચાડ્યું છે. ખેડૂતોની ચાર મહિનાની અથાગ મહેનત પર વરસાદે પાણી ફેરવી દીધું છે. ખેતરોમાં મગફળીના પાથરાં પલળી જતાં ખેડૂતોને જાણે મોંમાંથી કોળિયો છીનવાયો છે. હવે જ્યાં સુધી મગફળી સુકાય નહીં ત્યાં સુધી વેચી શકાય નહીં. આ ઉપરાંત વરસાદી પાણીમાં ભીંજાયેલી મગફળીને વેપારી ખરીદે તેમ નથી. પાછોતરા વરસાદે ખેડૂતોને આર્થિક નુકશાન કર્યું છે. આ જોતાં વળતરની માંગ ઊઠી છેબીજી તરફ રાજ્ય સરકારે હજુ ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરી નથી, જેના કારણે ખેડૂતો રોષે ભરાયાં છે.



ભારતીય કિસાન સંઘના પ્રતિનીધીમંડળે મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને આવેદન પત્ર પાઠવી એવો આક્ષેપ કર્યો છે કે, રાજ્ય સરકારની અનિર્ણયાકતાને કારણે ખેડૂતો મૂંઝવણમાં મૂકાયાં છે. એવો સવાલ કરાયો છે કે, રજીસ્ટ્રેશનની મુદત પૂર્ણ થઈ છે તેમ છતાંય ખરીદી શરૂ કરાઈ નથી. આ વખતે ગુજરાતમાં કુલ મળીને ૯.૩૧ લાખ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.કિસાન સંઘે માંગ કરી છે કે, ગત વર્ષે ૧૨ લાખ મેટ્રિક ટન મગફળી ટેકાના ભાવે ખરીદવામાં આવી હતી. આ વખતે જ્યારે રાજ્યમાં ૬૬ લાખ મેટ્રિક ટન મગફળીનુ ઉત્પાદન થવાનો અંદાજ છે, ત્યારે રાજ્ય સરકાર વધુમાં વધુ મગફળીની ખરીદી કરે જેથી ખેડૂતોની દિવાળી બગડે નહીં. રાજ્ય સરકારે હજુ સુધી એ જાહેર કર્યુ નથી કે, ખેડૂતો પાસેથી કેટલી મગફળીની ખરીદી કરાશે. આમ ટેકાના ભાવે મગફળી ખરીદવા મુદે સરકાર હજુ સુધી અનિર્ણિત રહેતાં ખેડૂતોની મૂંઝવણ વધી છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૫માં મગફળીનું મબલખ ઉત્પાદન થયા હોવાનો અંદાજ છે.

રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવા મોટાઉપાડે જાહેરાત કરી હતી, પરંતુ હજુ સુધી ખરીદી શરૂ કરાઈ નથી, પરિણામે ખેડૂતો નારાજ થયાં છે. ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવી કે નહીં તે અંગે ખુદ સરકાર જ નિર્ણય લઈ શકી નથી. ત્યારે ભારતીય કિસાન સંઘે મોરચો માંડ્યો છે. એવી માંગ કરાઈ છે કે, રાજ્ય સરકારે ક્યારે ટેકાના ભાવે મગફળી ખરીદશે તે જાહેર કરે.છેલ્લાં એકાદ બે દિવસથી ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં તો વિનાશ વેર્યો છે. પાછોતરા વરસાદે મગફળી અને કપાસને પણ ખૂબ નુકશાન પહોંચાડ્યું છે. ખેડૂતોની ચાર મહિનાની અથાગ મહેનત પર વરસાદે પાણી ફેરવી દીધું છે.

## રાંદેર ઝોનમાં પાલિકાના લેક ગાર્ડનમાં માછલી મરી જવાની ઘટના

# સુરતના સણીયા હેમાદ તળાવમાં સંખ્યાબંધ માછલી મરી જવા પાછળ ઓદ્યોગિક પ્રદુષણ હોવાનો આક્ષેપ

। પ્રતિનિધિ, સુરત, તા.૩૦ ।

સુરત પાલિકાના રાંદેર ઝોનમાં પાલિકાના લેક ગાર્ડનમાં માછલી મરી જવાની ઘટના બાદ હવે સણીયા હેમાદ તળાવમાં સંખ્યાબંધ માછલી મરી ગઈ હોવાની વાત બહાર આવી છે. તળાવમાં મરેલી માછલીઓ મળી આવતા સ્થાનિકોએ પાલિકા અને જીપીસીબીને જાણ કરી છે અને પાણીના સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરી છે. તો બીજી તરફ સ્થાનિકોએ ઔદ્યોગિક પ્રદુષણના કારણે માછલી મરી રહ્યાનો આક્ષેપ કર્યો હતો. સુરત શહેરને અડીને આવેલા સણીયા ગામમાં એક ગામ તળાવ આવ્યું છે. આ તળાવ કિનારે સ્થાનિકો સવારે ગયાએ હતા ત્યારે સંખ્યાબંધ માછલીઓ મરેલી જોવા મળી હતી. તળાવમાં અનેક માછલીઓ મરેલી દેખાતા સ્થાનિકો ભેગા થઈ ગયા હતા. આ પહેલા આવો બનાવ બન્યો ન હતો તેથી સ્થાનિકોએ પાલિકાના વરાછા ઝોન અને જીપીસીબીને જાણ કરી છે તંત્ર પહોંચ્યું હતું અને પાણીના સેમ્પલ લઈ માછલી મરવા પાછળના કારણની તપાસ શરુ કરી છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે આ પહેલા ઘટના બની નથી પરંતુ હાલમાં આ વિસ્તારમાં અનેક ગેરકાયદે એકમો ચાલી રહ્યાં છે આ ઉદ્યોગો દ્વારા ઝેરી અને કેમિકલયુક્ત કચરાનો નિકાલ તળાવ નજીક કરવામાં આવે છે તેના કારણે તળાવમાં માછલીઓ મરેલી જોવા મળી છે. આવા પ્રદુષણ ફેલાવતા ઉધ્યોગો સામે કામગીરી કરવાની માંગણી કરી છે.

## જસદણમાં આમ આદમી પાર્ટીની સભામાં નેતા બ્રિજરાજ સોલંકીએ કુંવરજી બાવળીયાને પડકાર ફેંક્યો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૩૦ ।

મોરબી બાદ હવે રાજકોટમાં 'ચેલેન્જ'ની રાજનીતિ શરૂ થઈ હોય તેમ લાગી રહ્યું છે. આપ નેતા બ્રિજરાજ સોલંકીએ જસદણની સભામાં પડકાર આપ્યા બાદ હવે મહિલા અગ્રણી સોનલ વસાણીએ બ્રિજરાજ સોલંકીનું નામ લીધા વગર ચેલેન્જ આપી છે. સોનલ વસાણીએ કુંવરજીભાઈના નેતૃત્વમાં અહીં ખૂબ વિકાસ થયો છે. મોટી-મોટી મૂછો રાખી દોડી આવતા પહેલા અહીંની સુવિધા જુઓ. અમે કાર્યકરો અને કુંવરજીના સમર્થકો ગામડે-ગામડે જઈશું. ગામડે-ગામડે જઈ લોકોને વિકાસ અંગેની વાતો કરીશું.જણાવી દઈએ કે, થોડા દિવસ પહેલા આપ નેતા બ્રિજરાજ સોલંકીએ કુંવરજી બાવળીયાને જસદણમાં ચેલેન્જ આપી હતી. તેમણે કહ્યું હતું કે, વિંછિયાનાં ૯૨ નિર્દોષ યુવાન પર ૩૦૭ નાં ખોટા કેસ નોંધાયેલા છે. કુંવરજી બાવળીયા ૧૦ દિવસમાં ખોટા કેસ પરત ખેંચાવે. તમામ નિર્દોષ યુવાનો પરના કેસો પરત ખેંચાવે તો બ્રિજરાજ સોલંકી ક્યારેય વિછિયામાં ફરી પગ નઈ મૂકે. તેમણે આગળ કહ્યું કે, કુંવરજી બાવળીયાએ મારા ભૂતકાળ-ઈતિહાસની વાત કરી, કુંવરજી બાવળીયા સાચા હોય તો મારી સાથે ડિબેટ કરે.

## માંડવી કિમ રોડ પર ટ્રકના કેબિનમાં લાગી ભીષણ આગ, ટ્રક બળીને ખાખ, આસપાસ અફરાતફરીનો માહોલ

। પ્રતિનિધિ, સુરત, તા.૩૦ ।

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સુરતમાં માંડવી કિમ રોડ પર ટ્રકના કેબિનમાં આગ લાગવાની ઘટના બની છે. અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ટ્રકમાં બ્લાસ્ટ થયા બાદ આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. જો કે આગના કારણે ટ્રક બળીને ખાક થયો છે. મળતી માહિતી અનુસાર આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.ઉલ્લેખનીય છે કે સુરતના માંડવી કિમ રોડ પર ટ્રકના કેબિનમાં આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

રસ્તા વચ્ચે ટ્રકમાં આગ લાગવાના કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ થયો હતો. ઘટનાની જાણ થતા તાત્કાલિક ધોરણે પોલીસ અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.બીજી તરફ આ અગાઉ પંચમહાલની એક પ્લાસ્ટિક સ્ક્રેપના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. ગોધરા-વડોદરા હાઈવે પર પ્લાસ્ટિક સ્ક્રેપના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. ચિખોદરા ગામના સ્ક્રેપના ગોડાઉમાં ભીષણ આગ લાગી હતી. ગોડાઉનમાંથી ધુમાડાના ગોટે ગોટા દૂર દૂર સુધી જોવા મળ્યો હતો. જેના પગલે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. ઘટનાની જાણ થતા તાત્કાલિક ધોરણે ગોધરા અને હાલોલની ફાયર બ્રિગેડની ટીમો ઘટના સ્થળે આગ બુઝવવાની કામગીરી હાથ ધરી હતી.ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સુરતમાં માંડવી કિમ રોડ પર ટ્રકના કેબિનમાં આગ લાગવાની ઘટના બની છે. અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ટ્રકમાં બ્લાસ્ટ થયા બાદ આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે.







## તંત્રી લેખ..

# કોરાના સાઇડ ઇફેક્ટ

કોરોના વાયરસની સ્થિતી પહેલા કરતા હવે સતત સુધરી રહી છે. અલબત્ત હજુ પણ હજારો કેસ સપાટી પર આવી રહ્યા છે પરંતુ હવે પહેલા જેવા નિયંત્રણો રહ્યા નથી જેથી તકલીફ વધારે મોટી નથી. તમામ આર્થિક ગતિવિધી હવે શરૂથઇ ચુકી છે. લોકડાઉન જેવા નિયંત્રણો રહ્યા નથી. પરંતુ કોરોનાના કારણે તમામ લોકો પર અસર થઈ છે. કેટલાક પર માનસિક અસર વધારે થઈ છે. વિશ્વમાં આ તકલીફ આવી છે.કોરોનાના અઢી વર્ષ બાદ પણ નવા નવા હજારો કેસ દરરોજ ફરી સપાટી પર આવી રહ્યા છે. જેની સીધી અસર આર્થિક સ્થિતી પર થઈ રહી છે. સાથે સાથે માનસિક બિમારીની પણ તકલીફ હાલમાં વધી રહી છે. કોવિડ-૧૯ની સામે ચાલી રહેલી વિશ્વવ્યાપી લડાઈને ધ્યાનમાં લઈને ભારતમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. કોરોના સાઈડ ઈફેક્ટ હજુ પણ જોવા મળી રહી છે. સાઈડ ઈફેક્ટ તરીકે માનસિક બિમારી પણ છે. માનસિક બિમારીના કેસોની સંખ્યામાં હાલમાં વધારો થયો છે. ઈન્ડિયન સાયક્યાટ્રી સોસાયટીના એક સર્વેમાં એવી માહિતી ખુલીને સપાટી પર આવી છે કે માનસિક રોગોના શિકાર થયેલા લોકોની સંખ્યામાં એકાએક ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. કોરોના વાયરસની મહામારીના કારણે દરરોજના જીવનમાં આવેલા ફેરફારોનો સામનો કરવામાં લોકોને કેટલી મુશ્કેલી પડી રહી છે. આ અભ્યાસની વાતને એક વખત બાજુમાં મુકી દેવામાં આવે તો પણ સમજી શકાય છે કે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે કોરોનાની માનસિક સ્થિતી પર અસર થઈ રહી છે. જે બાબતો હજુ સુધી કોઈ મુદ્દા તરીકે ન હતી તે બાબતો હવે મુદ્દા તરીકે છે. નાના નાના મુદ્દા પર પરિવારના સભ્યો એકબીજા સામે આવી રહ્યા છે. કેટલાક લોકો પોતાને અલગ સમજી રહ્યા છે. કોરોના મહામારીના કારણે સર્જાયેલી આર્થિક પરેશાની, ખાવા પિવાની ચીજવસ્તુઓને લઈને આવી રહેલી તકલીફો પણ કેટલીક પરેશાની સર્જે છે. નોકરી જતા રહેવાની ચિંતા પણ સતાવી રહી છે. એકલાપણાના કારણે પણ કેટલીક નવી સમસ્યા સર્જાઇ રહી છે. કેટલાક વર્ષોથી એમ કહેવામાં આવી રહ્યુ હતુ કે સોશિયલ મિડિયાના આ દોરમાં સતત ડિજિટલ સંપર્કના કારણે લોકો એકલા થતા જાય છે. અમારી વર્ચ્યુઅલ દુનિયા અમને ઘર પરિવાર અને પાસ પડોશથી દુર કરી રહી છે. એક હદ સુધી આ વાત યોગ્ય પણ છે. માનસિક રોગની સંખ્યા વધી રહી છે. મોબાઈલ ફોન અને ઈન્ટરનેટની દુનિયા આજે પણ ઉપલબ્ધ છે પરંતુ કોઈ ખાસ અંગત રાહત થઈ રહી નથી. કોરોનાના કારણે અમે વ્યહારિક દ્રષ્ટિથી જ નહીં બલ્કે મનૌવૈજ્ઞાનિક રીતે પણ વાસ્તવિક દુનિયાના મહત્વને સમજાવી દેવામાં ભૂમિકા અદા કરી છે. એકલાપણુ અમારા માટે કોઈ નવી ચીજ નથી. એકલા પુસ્તક વાંચવાના બદલે તેને વાંચીને સંભળાવવામાં આવે તે જરૂરી છે. સંયુક્ત સુત્ર તો એ છે કે અલગતાવાદની સારવાર માનવી જ શોધી શકે છે. હાલમાં દેશ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં સૌથી જટિલ સમસ્યા અને પડકારનો સામનો કરી રહ્યુ છે. આ લડાઈ લાંબી ચાલનાર છે. તે બાબત પણ નક્કી દેખાઈ રહી છે.

# અન્ટાર્કટિકાથી જળ પ્રલય આવી શકે

અન્ટાર્કટિકાથી હવે જળપ્રલય આવવામાં વધારે સમય ગાળો રહ્યો નથી. વિશ્વભરના વૈજ્ઞાનિકો જુદા જુદા ક્ષેત્રમાં અભ્યાસ કરવામાં લાગેલા છે પરંતુ આ જળપ્રલયને રોકવામાં તેમને સફળતા મળે તેમ માનવા માટે કોઇ કારણ નથી. કારણ કે જે ગતિથી સ્થિતી બદલાઇ રહી છે તે ખતરનાક સ્થિતી તરફ સંકેત આપે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અન્ટાર્કટિકાના વિશાળ થ્વેટ્સ ગ્લેશિયર હવે એ વિસ્ફોટક સ્તર પહોંચવાની તૈયારીમાં છે જેના બાદ દરિયાઇ સપાટી ૨૦ ઇંચ સુધી વધી જવાથી કોઇ રોકી શકે તેમ નથી. જો આવુ થશે તો દુનિયાભરના દેશોના દરિયાઇ કાઠા પર આવેલા વિસ્તારના ભુગોળ હમેંશા માટે બદલાઇ જશે. એક ચિંતાજનક અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે હવે આવી સ્થિતી સર્જાવવામાં વધારે સમય રહ્યો નથી. આ સમય માત્ર ૧૫૦ વર્ષ પછી આવી શકે છે. સમગ્ર ગ્લેશિયર એવી અસ્થિરતા તરફ વધે છે જેથી ચિંતા થાય તે સ્વાભાવિક છે. ગ્લોબલ વોર્મિંગના પૂર્વના સ્તરથી હાલમાં દરિયાઇ સપાટી આઠ ઇંચ ઉપર છે. સાથે સાથે દુનિયાભરમાં દરિયા કાઠાના વિસ્તારોમાં પુર આવવા માટે આને જ મોટા ભાગે જવાબદાર ગણવામાં આવે છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે કિનારાના વિસ્તારોમાં હિમના વિસ્તારો સંકુચિત થઇ રહ્યા છે. હિમમાં તિરાડો પડી રહી છે. દરિયાની સપાટી પર નવા હિમખંડોનુ નિર્માણ થઇ રહ્યુ છે. અસ્થિરતાની જો શરૂઆત થઇ જશે તો રોકવા માટેની બાબત ખુબ મુશ્કેલરૂપ બની જશે. અભ્યાસમાં ભાગ લેનાર ડોક્ટર એલેક્સ રોબેલ જે જ્યોર્જિયા ઇન્સ્ટીટ્યુટમાં વિજ્ઞાન પ્રોફેસર છે તેમના કહેવા મુજબ જો તમે આ ગ્લેશિયરની અસ્થિરતા માટે કારણ બનો છો તો પછી આપને આવુ કરવા માટે તાપમાનને વધારે વધારી દેવાની કોઇ જરૂર પડશે નહીં. ત્યારબાદ ગ્લેશિયર તો જાતે જ ઓગળવાની પ્રક્રિયામાં રહેશે. આ જ કારણ ચિંતાનુ પણ છે. દુનિયાના દેશો હાલમાં આ પ્રક્રિયાને રોકવા માટે વિવિધ પગલા લેવા પર કામ કરી રહ્યા છે. જળ પ્રલયની સ્થિતી સર્જાઇ શકે છે તેવી ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ દુનિયાના દરિયા કાઠાના વિસ્તારોમાં રહેતા લોકોની તકલીફમાં વધારો થઇ શકે છે. જો કે આને રોકવા માટે પહેલ અને પ્રયોગો સફળ રહેશે કે કેમ તે અંગે હાલમાં વાત કરવી સરળ નથી. ગ્લોબલ વોર્મિંગના કારણે દુનિયાના દેશો હાલમાં પરેશાન થયેલા છે. આના કારણે કુદરતી હોનારતોનો દોર ચાલી રહ્યો છે.દુનિયાના દેશોમાં કોઇને કોઇ જગ્યાએ પુર અને વધારે વરસાદની સ્થિતી સર્જાઇ રહી છે. કેટલીક જગ્યાએ દુકાળની સ્થિતી સર્જાઇ રહી છે. વાવાઝોડાના કારણે દુનિયાના દેશોમાં ભારે નુકસાન થઇ રહ્યુ છે. અમેરિકા અને યુરોપના દેશો પણ ગ્લોબલ વોર્મિંગથી ગ્રસ્ત થઇ રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગની સામે અમેરિકા અને ભારત સહિતના દુનિયાના દેશો બેઠકો કરી રહ્યા છે. આની અસરને ઘટાડી દેવા માટે શુ કરવામાં આવે તે દિશામાં પહેલાથી જ રૂપરેખા તૈયાર કરવામાં આવી ચુકી છે. દુનિયાના દેશો આ તમામ ધારાધોરણને પાળી પણ રહ્યા છે. જો કે આને લઇને ઉદાસીનતા હજુ પણ રહેલી છે. અન્ટાર્કટિકાથી જળપ્રલયની સ્થિતી સર્જાઇ શકે છે તેવા દાવા અભ્યાસમાં કરવામાં આવ્યા બાદ આ દિશામાં વધારે અભ્યાસની કામગીરીમાં વૈજ્ઞાનિકો લાગી ગયા છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

સામાન્ય એક્સ રેમાં જેના પુરાવા ન મળતાં હોય તેવા હાડકાંના ચેપની તપાસ માટે હોય છે

૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન એ પેટ સીટી સ્કેનર પર સ્કેલેટલ સાઇન્ટીગ્રાફી કરવાની એક કળા છે આ સામાન્ય રીતે વપરાતા ન્યૂકલીયર એમ.ડી.પી.બોન ટેસ્ટ કરતાં ખૂબ જ સંવેદનશીલ અને ચઢિયાતો ટેસ્ટ છે

# કેન્સર નિદાન માટેનો ટેસ્ટ ટેસ્ટ

# ૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન

**સદભાગ્યે મોટાભાગના કેન્સરમાં બાયોપ્સીના પ્રારંભિક રિપોર્ટ પછી પણ ૩-૪ સપ્તાહ રાહ આરામથી જોઈ શકાય છે. આનો અર્થ એવો નથી કે નિદાન થયા પછી ૩-૪ સપ્તાહ સુધી કંઈ કરવું નહીં**

(ભાગ : ૫)

કેન્સર નિદાન માટેનો સંવેદનશીલ અને ચઢિયાતો ટેસ્ટ ૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન શું છે ?

૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન એ પેટ સીટી સ્કેનર પર સ્કેલેટલ સાઇન્ટીગ્રાફી કરવાની એક કળા છે. આ સામાન્ય રીતે વપરાતા ન્યૂકલીયર એમ.ડી.પી.બોન ટેસ્ટ કરતાં ખૂબ જ સંવેદનશીલ અને ચઢિયાતો ટેસ્ટ છે. જે આ બિમારીની નીચે દશાવેલી સ્થિતિઓમાં વાપરી શકાય છે.જેવી કેજેને કેન્સર થયેલું હોવાનું જાણમાં છે તેવા દર્દીઓના સ્કેલેટલ મેટાસ્ટાસીસ (હાડકાં સુધી કેન્સરનું ફેલાવું) માટે., સામાન્ય રીતે વપરાતા એકસ-રે માં ન દેખાતા ફ્રેકચરની તપાસ માટે., સામાન્ય એકસ રેમાં જેના પુરાવા ન મળતાં હોય તેવા હાડકાંના ચેપની તપાસ માટે હોય છે. અન્ય હાડકાંને લગતી તકલીફો જેવી કે- રમતાં -રમતાં ઈજા પહોંચવી,મેટાબોલીક હાડકાંની બિમારીઓ, પેજેટ બિમારીઓ વગેરે.



**તે પરંપરાગત હાડકાંના સ્કેન કરતાં કઇ રીતે જુદું પડે છે ?**

સ્કેલેટલ લેઝીઅન્સની તપાસ માટે પરંપરાગત એમ.ડી.પી. બોન ટેસ્ટ કરતાં ૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન વધારે સારો છે. એના સાહિત્યના પૂરતાં પુરાવાઓ છે.

૧૮ એફ. બોન સ્કેન સાથે વધારાની સીટી સ્કેનની આંકડાકીય માહિતી પ્રાપ્ય છે જે એનાટોમીકલ માહિતી (શરીર રચના શાસ્ત્ર સંબંધિત માહિતી) પૂરી પાડે છે અને તે ચોકકસ નિદાન કરવામાં સહાયક નીવડે છે. આનાથી દર્દીને ચોકસાઇભર્યા સારાવારના આયોજન મુજબ સારવાર પુરી પાડવામાં મદદ મળે છે.

આ ૧૮ એફ.ના નાના અને ખૂબ સલામત આઇ.વી. ઈંજેકશનની મદદથી સાદી તપાસ કરવામાં આવે છે અને આ ઈંજેકશનના અડધા કલાક પછી સ્કેન કરવામાં આવે છે.

આ હાડકાંના સ્કેન માટે કોઇ પૂર્વતૈયારીની જરૂર હોતી નથી. આ સ્કેન પહેલાં અને પછી તમે ખાવા-પીવાનું ચાલુ રાખી શકો છો.જો તમારી કોઇ દવા ચાલતી હોય તો તે લેવાનું પણ તમે ચાલુ રાખી શકો છો.તેમ છતાં આ સ્કેન માટે અગાઉથી એપોઇન્ટમેન્ટ લેવી ફરજિયાત છે.

સગર્ભા મહિલાઓના આ સ્કેન કરવામાં આવતો નથી. સિવાય કે તેમને સારવાર આપતા સલાહકાર ડોકટરે તેમને તેમ કરાવવાનું સૂચવ્યું હોય.આ ટેસ્ટ કરાવતાં પહેલાં મહેરબાની કરીને આને લગતી તમામ વયકિતઓને આ બાબતની જાણ કરો.

ધાત્રી માતાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઈંજેકશન લીધા બાદ આખો દિવસ તેમના બાળકને સ્તનપાન ન કરાવે પરંતુ તેની જગ્યાએ બાળકને અનય કોઇ આહાર આપે. આ પ્રક્રિયા માટે દર્દીને સુવિધાજનક પોષાક આપવો જોઈએ.

**ગોલીયમ ડોટા પેપ્ટાઇડ પેટ/સીટી સ્કેન**

૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડ પેટ/સીટી સ્કેન એ ન્યૂરો એન્ડોક્રાઇન ટયૂમરનું અંતિમ નિદાન અને સારવાર છે.

**ન્યૂરો એન્ડોક્રાઇન ટયૂમર એટલે શું ?**

આ એવી ગાંઠો છે જે ખાસ કરીને જીઆઇટી, સ્વાદુપિંડ અને ફેફસાં વગેરે જેવાં અંગો પર અસર કરે છે.જીઆઇટી અને ફેફસાંની કેન્સરજનક ગાંઠો, સ્વાદુપિંડની ઈન્સ્યુલીમનોમાઝ વગેરે જેવાં કેટલાંક નામો આવી ગાંઠોના છે.આમાંના કેટલાંક દર્દીઓમાં અનિયૈંત્રત ઝાડ, ફલશીઝ વગેરે જેવા લક્ષણો જોવા મળે છે. જેને કલીનીકલી કેન્સરજનક લાક્ષણિકતાઓ તરીકે વગીકૃત કરવામાં આવે છે.

**૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડ પેટ સ્કેન એટલે શું ?**

૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડ એ ઓછા સમયની- અડધા કલાકની સ્થિતિ છે જેમાં પેપ્ટાઇડ સાથે જોડાઇને તેમાંથી રેડિયોન્યૂકલાઇડ ઝરે છે. જે કેટલાંક પ્રકારની ગાંઠો જેવી કે ન્યૂરો એન્ડોક્રાઇન ગાંઠોના કોષને આ લેવા માટે બાંધે છે. તે આવી ગાંઠોના નિદાન માટે , તેની સારવારનો વિકલ્પ નક્કેં કરતાં પહેલાંનો તેનો તબકકો જોવા માટે અને સારવાર આપ્યા બાદની પ્રતિક્રિયા અથવા ફરીથી તે થાય છે કે નહીં? તે જોવા માટે વાપરવામાં આવે છે.

પેટ/સીટી સ્કેન કે જે ૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડના ઈંજેકશન બાદ કરવામાં આવે છે તેને ૬૮ જીએ ડોટા પેપ્ટાઇડ પેટ/સીટી સ્કેન કહેવામાં આવે છે.

તે સીટી સ્કેન અને એમ.આર.આઇ સાથે તેની તુલના કરી શકાય અથવા તે તેનાથી કઇ રીતે જુદું પડે છે ?

આ ફંકશનલ/મેટાબોલીક સ્કેન છે. જેની સામાન્ય પરંપરાગત સીટી અને એમ.આર. આઇ. કરતાં નેટમાં સાબિત કરાયેલી ઉચ્ચ સંવેદનશીલતા અને ચોકકસતા છે. આની મદદથી દર્દીઓને સારવારનો વિકલ્પ નક્કેં કરી શકાય છે અને સારવારની પ્રતિક્રિયાઓ પણ જાણી શકાય છે.

**આ ટેસ્ટ કરાવતાં પહેલાં કેવી સાવચેતીઓ રાખવી જોઇએ?**

જે દદીએ નિદાનાત્મક સીટી કરાવેલું હોય તે તેમણે કોઇ પૂર્વતૈયારી કરવાની રહેતી નથી પરંતુ જો દર્દીને ૬૮ ગોલીયમ પેટ સો સીઇસીટી આપવાની જરૂર હોય તો તેણે ૨ કલાક ભૂખ્યા રહેવું ફરજિયાત છે.

**આની આડઅસરો શી હોય છે ?**

૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડ સંપૂર્ણપણે સલામત છે. આથી તેની કોઇ આડ અસરો હોતી નથી. મુખ્યત્વે એકવાર કેન્સરનું નિદાન થાય અથવા કેન્સરની શક્યતા જણાય, તે પછીનું અગત્યનું કદમ છે દર્દી અને ગાંઠ સંબંધી તમામ પાસાઓનું મૂલ્યાંકન કરવું. કોઈપણ મોટા કામની શરૂઆત કરતાં પહેલા ચોક્કસાઈ પૂર્વકનું આયોજન ખૂબ જરૂરી છે અને આ વાત કેન્સરની સારવારમાં પણ લાગુ પડે છે. આ આયોજન પાછળ પૂરતો સમય, શક્તિ અને ખર્ચ આપવા એ અગત્યનું છે.

સદભાગ્યે મોટાભાગના કેન્સરમાં બાયોપ્સીના પ્રારંભિક રિપોર્ટ પછી પણ ૩-૪ સપ્તાહ રાહ આરામથી જોઈ શકાય છે. આનો અર્થ એવો નથી કે નિદાન થયા પછી ૩-૪ સપ્તાહ સુધી કંઈ કરવું નહીં. પરંતુ આનો અર્થ એવો છે કે કેન્સરની સારવાર કરનાર સર્જન, મેડિકલ ઓક્રોલોજિસ્ટ, રેડિએશન ઓક્રોલોજિસ્ટ કિમોથેરાપી અને ડોક્ટરોનો અભિપ્રાય લઈ શક્ય એટલી જલદી સારવાર શરૂ કરવી. એટલે કે અઠવાડિયામાં થઈ શકે તો તેમ અને જો તે શક્ય ન હોય તો પણ ૩-૪ અઠવાડિયાથી વધુ મોડું તો ન જ કરવું.

ઘણા ભારતીય લોકોમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે બાયોપ્સીથી કેન્સર પ્રસરે છે. પણ વાસ્તવમાં એવું નથી. મોટાભાગના લોકો જાણે છે કે યુએસએ/યુરોપમાં નિદાનથી લઈને સારવાર શરૂ કરતાં સુધીમાં ૩-૬ અઠવાડિયા સરળતાથી નીકળી જાય છે અને છતાં તેમનાં પરિણામો બહેતર છે. એનું કારણ એ છે કે સારવારના આયોજનમાં પૂરતો સમય, સાધનો અને નિપૂણતા છે.

**મૂલ્યાંકનના મુખ્ય પાસાં**

ઓક્રોલોજિસ્ટ કેન્સર નિષ્ણાતે કોઈપણ દર્દીની સારવારનો પ્લાન નક્કી કરતાં અગાઉ નીચેના વિષે ધ્યાન રાખવું ઘટે.

કેન્સર ૨૫૦ પ્રકારના હોય છે, એ દરેક તબક્કા વિવિધ હોય છે અને ઘણાં દર્દીઓમાં અન્ય રોગ/ઉંમર/તંદુરસ્તી વગેરે પરિબળો પણ કામ કરતાં હોય છે. એથી એવું નથી કે સારવારનો કોઈ એક પ્લાન બધા દર્દીને બંધબેસતો હોય.

(ક્રમશ :)



પરિવર્તનને સ્વીકારીને મોટી સફળતા હાંસલ કરી શકાય છે કારણ કે...

દવા ખરીદતી વેળા તેની રિસિપ્ટ દવા વેચનાર અથવા તો કેમિસ્ટ પાસેથી ચોક્કસપણે લેવી જોઇએ દવાની ખરીદી કરતી વેળા દવા બનાવનાર કંપનીનુ નામ અથવા તો તેની એક્સપાયરી ડેટ ચોક્કસપણે જોઇ લેવી જોઇએ

# પરિવર્તનને સ્વીકાર કરવાની જરૂર

**જ્યારે કોઇ વ્યક્તિ પોતાને બદલવા માટેની પ્રક્રિયા ખતમ કરી નાંખે છે ત્યારે તે પોતે ખતમ થઇ જાય છે**

પરિવર્તનને સ્વીકાર કરીને જીવનમાં સફળતા હાંસલ કરી શકાય છે. કોઈ વ્યક્તિએ સાચી જ વાત કરી છે કે જ્યારે કોઇ વ્યક્તિ પોતાને બદલવાનુ બંધ કરી દે છે ત્યારે તેની પ્રગતિ સંપૂર્ણપણે રોકાઇ જાય છે. પોતાને સમયની સાથે સતત બદલી નાંખવા માટેના પ્રયાસ કરવા જોઈએ. જેટલી ઝડપથી તમે પોતાને બદલશો તેટલી ઝડપથી વધુ સફળતા હાંસલ થશે. પરિવર્તન સૌથી મહત્વપૂર્ણ બાબત છે. મોટા ભાગના લોકો લાઈફમાં એટલા માટે નિષ્ફળ થઈ જાય છે કે તેઓ પોતાને બદલા માટે ઈચ્છુક હોતા નથી. સી નીલ સ્ટ્રેટ કહે છે કે પરિવર્તન લીક પર ચાલનાર વ્યક્તિ માટે સૌથી મોટી મુશ્કેલ બાબત અનેક હોય છે. કારણ કે વ્યક્તિ પોતાને એ સ્તર સુધી ઘટાડી લે છે જેના પર તે સરળતાથી ચાલી શકે છે. આવી વ્યક્તિ કોઈ પણ પડકાર અને નવી બાબતોને સ્વિકાર કરતા નથી. ભલે તેને પ્રગતિ મળતી હોય તો પણ તે નવી કોઈ બાબતને સ્વિકારશે નહી. કેટલાક લોકો તો ખાડામાં હોય છે. સાથે સાથે ખોદકામ કરતા રહે છે. તેઓ પોતાના કામના તરીકાને બદલતા નથી અને મુશ્કેલીમાં ફસાતા જાય છે. કેટલાક લોકો એવા હોય છે જે જિદ્દી વલણ પર આગળ વધે છે. તેઓ આગળ વધતા નથી. વક્તની આંધી આવા લોકોને બરબાદ કરી નાંખે છે. કેટલાક લોકો બદલી જવાના બદલે રોકાઈ જવાનુ પસંદ કરે છે. આવા લોકો પણ ક્યાય પહોંચી શકતા નથી. જો કોઈ વ્યક્તિ નવા નવા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ઈચ્છુક છે તો તેમને નવા નવા તરીકે સાથે કામ કરવાની જરૂર રહેશે. પરિવર્તન વગર કોઈ મોટી સફળતા મળી શકે તેમ નથી. બદલાવ સાથે જ સફળતા મળે છે. નિષ્ણાંત લોકો કહે છે કે જો નવા તોર તરીકાને અપનાવીશુ નહી તો નવી નવી સમસ્યા આવતી રહેશે અને સમસ્યા વધારતી રહેશે. કેટલીક વખત સફળતા બિલકુલ નજીક હોય છે પરંતુ સફળતાના રસ્તા પર ચાલવાનો ઈન્કાર કરી દે છે. દુનિયામાં એ જ વ્યક્તિ સફળ થઈ છે જે પરિવર્તનને સ્વીકારે છે. એક પરિવર્તનની સાથે બીજા પરિવર્તનની રાહ તૈયાર થાય છે. અમને વિકાસની તક મળે છે. પરિવર્તનની ઈચ્છાને હમેંશા કાયમ રાખવામાં આવે તે જરૂરી છે. સફળતા હાંસલ કરવા માટે સતત મહેનત કરવામાં આવે તે જરૂરી છે. સતત પરિવર્તનના કારણે અમે બેચેન હોઈ શકીએ છીએ. જો કે પરિવર્તન ન થાય તો અમે ભયભીત થઈ જઈએ છીએ. જો વ્યક્તિ પોતાના સિદ્ધાંતો સાથે સમજુતી કર્યા વગર પરિસ્થિતી સાથે તાલમેળ બેસાડી લે છે તે વ્યક્તિ સફળતા હાંસલ કરે છે. પરિવર્તન ક્યારેય કોઈ એક દિવસમાં થતા નથી.



ટેકનોલોજીમાં પાછળ રહેલા લોકોની રોજગારી પર હજુ સંકટ । રોબોટ હવે રોજગારી આંચકી રહ્યા છે

# વિશ્વના જુદા જુદા દેશોમાં રોબોટ વિવિધ ક્ષેત્રમાં કામ કરવા લાગી ગયા છે જેથી બેરોજગારીની સમસ્યા વધશે : કુશળતા વિકસાવવાની જરૂર છે



બેરોજગારીની સમસ્યાથી આજે સમગ્ર વિશ્વના દેશો પરેશાન છે. બેરોજગારીને દુર કરવા માટે મથામણ તમામ દેશો કરી રહ્યા છે પરંતુ આ સમસ્યા વધારે જટિલ બની રહી છે. હાલમાં એવી બાબત ઉભરીને સપાટી પર આવી છે કે આધુનિક સમયમાં રોબોટ રોજગારી પર સીધી અસર કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારત સહિત વિકાસશીલ દેશોના શ્રમિકોના રોજગારની સુરક્ષા માટે હવે એવા લોકોના સમર્થનની નીતિ બનાવવી પડશે જે ટેકનોલોજી વિકાસમાં પાછળ છે. માનવ સંશાધન સાથે સંબંધિત શોધ માટે લોકપ્રિય વૈશ્વિક સંસ્થા મેન પાવર ગ્રુપે પોતાના રિપોર્ટમાં કેટલીક બાબતોનો ખુલાસો કર્યો છે.

આ સંસ્થાએ પોતાના રિપોર્ટ ટેલેન્ટ શોર્ટેજ સર્વે ૨૦૨૨માં કહ્યુ છે કે દુનિયાભરમાં ૪૫ ટકા કંપનીઓ હાલના સમયમાં કાર્ય માટે યોગ્ય પ્રતિભાઓની કમીનો સામનો કરી રહી છે. જ્યારે ભારતમાં ૫૬ ટકા કંપનીઓને યોગ્ય અને ખાલી રહેલી જગ્યાઓ પર સારા અને કુશળ કર્મચારીઓ મળી રહ્યા નથી. એક બાજુ લાયક અને કુશળ કર્મચારીઓની માંગ રોકેટ ગતિથી વધી રહી છે ત્યારે બીજી બાજુ રોજગારની જરૂર માટે નવી ચિંતા દેશ વિદેશમાં સપાટી પર આવી રહી છે. દેશ વિદેશમાં રોજગારીની સમસ્યા વચ્ચે રોબોટ એટલે કે યંત્રીકૃત માનવીની માંગ વધી રહી છે. તેમની સંખ્યા સતત વધી રહી છે. દુનિયાભરમાં હાલના દિવસોમાં રોબોટની માગ વધી છે. હાલના દિવસોમાં લોકપ્રિય લેખક માર્ટિન ફોર્ડના પુસ્તક રોબોટ્સના ઉદય ટેકનોલોજી ઔર રોજગાર વિહીન ભવિષ્યના ખતરા નામથી રહેલા પુસ્તકમાં કેટલીક બાબતોને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી રહી છે. આ લોકપ્રિય પુસ્તકમાં માર્ટિન ફોર્ડે કહ્યુ છે કે ટેકનોલોજીના પ્રતિક સમાન રોબોટ આગળ જઈને સામાન્ય પ્રકારના કેટલાક કામ માનવી પાસેથી આંચકી લેશે. ચોક્કસપણે થોડાક સમય પહેલા સુધી વાર્તામાં જ ફિલ્મોમાં જ રોબોટ અમે જોતા હતા અને સાંભળતા હતા. માત્ર કલ્પના કરવામાં આવતી હતી. હવે આ રોબોટ સાકાર રૂપ લઈ ચુક્યા છે. સ્થિતી એ છે કે રોબોટના કારણે ૨૧મી સદીમાં વૈશ્વિકરણ અને યાંત્રીકરણના દોરમાં રોબોટ સમસ્યા ઉભી કરી રહ્યા છે. દુનિયાના કેટલાક દેશોમાં રોબોટ સામાન્ય નીવન અને ઉદ્યોગ-કારોબારના મહત્વપૂર્ણ હિસ્સા તરીકે બનતા નજરે પડી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો રોબોટ રેસ્ટોરન્ટમાં ભોજન બનાવવા, પિરસવા અને પ્લેટ ઉઠાવવા માટેના કામ કરી રહ્યા છે. વજન ઉઠાવીને ચાલી પણ રહ્યા છે. કેટલાક રોબોટ ઓટો ચલાવી રહ્યા છે. સૌથી વધારે રોબોટ જાપાનમાં કામ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ સમય જાપાન સૌથી ટેકનોલોજી ધરાવતા દેશ તરીકે છે.


Cyber Octet™
CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD
BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD
Learn Ethical Hacking & Cyber Security
WHY JOIN CYBER OCTET ?
LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
TASK AND RESEARCH BASED TRAINING
100 % PLACEMENT ASSISTANCE
LIVE PROJECTS
INTERNATIONAL ACCREDIATION
TRAINING BY:-
THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT
ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)
WHO CAN JOIN
STUDENTS
WORKING PROFESSIONALS
BUSINESS OWNERS
Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad
91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com

www.lokpatrika.in
01-10-2025 Wednesday લોક પત્રિકા
# કૃષિ પત્રિકા @ Gujarat
LOK PATRIKA

# આ છે જામફળની 5 ઉત્તમ જાત

જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. જામફળની ખેતી સમગ્ર ભારતમાં થાય છે, પરંતુ અલ્હાબાદી જામફળની વાત અલગ છે. અલ્હાબાદી જામફળ તેના સ્વાદ અને સુગંધ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. તે એકદમ સફરજન જેવું લાગે છે. એટલા માટે લોકો તેને સેબિયા જામફળ પણ કહે છે. કહેવાય છે કે અલાહાબાદી જામફળની ખેતી બાદશાહ અકબરના સમયથી કરવામાં આવે છે. આવી સ્થિતિમાં લોકો વિચારે છે કે અલ્હાબાદી જામફળની ખેતી કરીને જ સારી આવક (Farmers Income) મેળવી શકાય છે, પરંતુ એવું નથી. જામફળની આવી ઘણી જાતો છે, જેની ખેતી બમ્પર ઉપજ આપશે.



## પંત પ્રભાત

જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. આ પ્રકારના જામફળ પાકે છે ત્યારે તેનો ઉપરનો ભાગ પીળો થઈ જાય છે. જ્યારે, ગુદાનો રંગ સફેદ રહે છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે.

**શ્વેતા** | શ્વેતા એ પણ જામફળની એક ખાસ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ જાતની ખેતી ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થશે. શ્વેતા જાતના જામફળના ઝાડની ઊંચાઈ ઓછી હોય છે. તમે 6 વર્ષ જૂના ઝાડમાંથી 90 કિલો જામફળ તોડી શકો છો. તેના એક ફળનું વજન 225 ગ્રામ સુધી હોય છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તેના ફળ ઘણા દિવસો સુધી બગડતા નથી.

**લખનઉ-49** | લખનઉ-49 જાતના જામફળના ઝાડ કદમાં નાના હોય છે. પરંતુ તેના ફળ ખૂબ જ મીઠા અને સ્વાદિષ્ટ હોય છે. ઉત્પાદનની દ્રષ્ટિએ પણ લખનઉ-49 જામફળ ઉત્તમ છે. તેનું એક ઝાડ 130 થી 155 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. ખેડૂતોમાં આ ખૂબ જ લોકપ્રિય જાત છે.

**થાઈ જામફળ** | થાઈ જામફળ એક વિચિત્ર જાત છે. તેના છોડ ખૂબ જ ઓછા સમયમાં ફળ આપવા લાગે છે. તેના જામફળની કિંમત વધુ છે. થાઈ જામફળ ઝડપથી બગડતા નથી. લણણી કર્યા પછી, તમે તેને 12 થી 13 દિવસ સુધી સ્ટોર કરી શકો છો. 4 થી 5 વર્ષ પછી, તેના એક ઝાડમાંથી 100 કિલો સુધીના ફળોનું ઉત્પાદન શરૂ થાય છે.

**લલિત** | લલિત જામફળની એક ઉત્તમ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તેના ફળનું વજન 200 ગ્રામ સુધી હોઈ શકે છે. તેનો રંગ કેસરી છે. જો કે, ગુદાનો રંગ ગુલાબી છે. તમે તેના 6 વર્ષ જૂના ઝાડમાંથી 100 કિલો જામફળ તોડી શકો છો. જામફળની બાગાયતમાં રોકાયેલા ખેડૂતો માટે આ જાત વધુ સારી માનવામાં આવે છે.

# ઈલાયચીની ખેતીથી ખેડૂતો કરી શકે છે બમ્પર કમાણી



ઈલાયચીની ખેતી માટે લોમી જમીન સારી માનવામાં આવે છે. જો તમે ઈચ્છો, તો તમે તેને લેટેરાઈટ જમીન અને કાળી જમીનમાં પણ ઉગાડી શકો છો. ઈલાયચીના ખેતરમાં ડ્રેનેજની સારી વ્યવસ્થા હોવી જોઈએ. ઈલાયચીની ખેતીથી ખેડૂતો કરી શકે છે બમ્પર કમાણી, આ રીતે થાય છે તેની ખેતી ઈલાયચી ખાવાનું દરેકને પસંદ હોય છે. ઈલાયચીનો ઉપયોગ મોટાભાગે ચા બનાવવામાં થાય છે. આ સાથે ઈલાયચીનો ઉપયોગ ખીર, સેવ અને મીઠાઈઓમાં પણ થાય છે. આવી સ્થિતિમાં જો ખેડૂતો ઈલાયચીની ખેતી કરે તો તેઓ સારી કમાણી કરી શકે છે. જેમ કે, કેરળ, તમિલનાડુ અને કર્ણાટકમાં ખેડૂતો ઈલાયચીની સૌથી વધુ ખેતી કરે છે. ઈલાયચી(Cardamom Farming)ની ખેતી માટે લોમી જમીન સારી માનવામાં આવે છે. જો તમે ઈચ્છો, તો તમે તેને લેટેરાઈટ જમીન અને કાળી જમીનમાં પણ ઉગાડી શકો છો. ઈલાયચીના ખેતરમાં ડ્રેનેજની સારી વ્યવસ્થા હોવી જોઈએ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ખેડૂતોએ રેતાળ જમીન પર ભૂલથી પણ ઈલાયચીની ખેતી ન કરવી જોઈએ, નહીં તો નુકસાન થઈ શકે છે. આવી ઈલાયચીની ખેતી માટે 10 થી 35 ડિગ્રી તાપમાન વધુ સારું માનવામાં આવે છે. ઈલાયચીમાં એન્ટિ-ઓક્સિડન્ટ્સ અને એન્ટિ-ઈન્ફ્લેમેટરી મળી આવે છે. આવી સ્થિતિમાં ઈલાયચીનું સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. આ સિવાય એલચીમાં વિટામિન C, વિટામિન B6, વિટામિન B3, કેલ્શિયમ, ઝિંક, પ્રોટીન અને પોટેશિયમ પણ ભરપૂર માત્રામાં જોવા મળે છે. જો હંમેશા ઈલાયચીનું સેવન કરવામાં આવે તો કફ અને શરદી જેવી બીમારીઓથી રાહત મળે છે.

## તમે 20 થી 25 દિવસના અંતરે ઈલાયચીની લણણી કરી શકો છો

જો તમારે ઈલાયચીની ખેતી કરવી હોય તો સૌ પ્રથમ ખેતરમાં ઘણી વખત ખેડાણ કરો. આ પછી તમે વરસાદની ઋતુમાં ઈલાયચીના છોડ વાવી શકો છો. રોપ્યાના બે વર્ષ પછી તેના છોડમાં ઈલાયચી આવવા લાગે છે. તમે 20 થી 25 દિવસના અંતરે ઈલાયચીની લણણી કરી શકો છો.

## એક હેક્ટરમાં 135 થી 150 કિલો ઈલાયચીનું ઉત્પાદન થશે

ઈલાયચીની લણણી કર્યા પછી તેને તડકામાં સૂકવવામાં આવે છે. ઈલાયચીનો લીલો રંગ જાળવવા માટે, તેને ધોવાના સોડાના દ્રાવણમાં 10 થી 15 મિનિટ સુધી પલાળી રાખવામાં આવે છે. આ પછી તેને સૂકવવામાં આવે છે. તેને 18 થી 20 કલાક તડકામાં સૂકવવામાં આવે છે. એક હેક્ટરમાં 135 થી 150 કિલો ઈલાયચીનું ઉત્પાદન થઈ શકે છે. ઈલાયચી બજારમાં 1500 થી 2000 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાય છે. આ રીતે તમે એક હેક્ટરમાં ઈલાયચીની ખેતી કરીને 3 લાખ રૂપિયા કમાઈ શકો છો.

# આ પાકની ખેતી તમને ધનવાન બનાવશે ! એક હેક્ટરમાં 20 લાખની આવક થશે

જામુન (જાંબુડા) ખાવાનું દરેકને પસંદ હોય છે. તે એન્ટીઑકિસડન્ટ ફળ છે. આનું સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. તેમાં આયર્ન, કેલ્શિયમ અને પોટેશિયમ અને વિટામિન સી ભરપૂર માત્રામાં જોવા મળે છે. કહેવાય છે કે જાંબુ ખાવાથી હાડકાં મજબૂત થાય છે. આ જ કારણ છે કે કેરી અને જામફળ કરતાં જાંબુની કિંમત વધુ છે. જો ખેડૂત ભાઈઓ બેરીની ખેતી કરે તો તેઓ જામફળ કરતાં વધુ કમાણી કરી શકે છે. ખાસ વાત એ છે કે ઘણા રાજ્યોમાં રાજ્ય સરકારો ખેડૂતોને બેરીની ખેતી માટે સબસિડી પણ આપે છે. હાલમાં, બિહાર સરકાર બેરીની ખેતી શરૂ કરનારા ખેડૂતોને સબસિડી આપી રહી છે. બિહાર સરકાર રાજ્યમાં બેરી સહિત અનેક પાકોનો વિસ્તાર વધારવા માંગે છે. આ જ કારણ છે કે તે મુખ્યમંત્રી બાગાયત મિશન અને રાષ્ટ્રીય બાગાયત મિશન યોજના હેઠળ ખેડૂતોને 50 ટકા સબસિડી આપી રહી છે.



## જામુનના ખેતરમાં સારી ડ્રેનેજ સિસ્ટમ હોવી જોઈએ

જામુન એક ઔષધીય ફળ છે અને તેમાંથી અનેક પ્રકારની દવાઓ પણ બનાવવામાં આવે છે. ખાસ વાત એ છે કે કેરી, લીચી અને જામફળની જેમ બેરીની પણ ખેતી કરવામાં આવે છે. આ માટે પ્રથમ ખેતર ખેડવામાં આવે છે. આ પછી, હળનો ઉપયોગ કરીને ખેતરને સમતળ કરવામાં આવે છે. જો તમે ઈચ્છો તો, તમે તેના ખેતરમાં ગાયના છાણનો ઉપયોગ ઓર્ગેનિક ખાતર તરીકે પણ કરી શકો છો. આ પછી, જામુનના છોડને સમાન અંતરે વાવેતર કરી શકાય છે.

## એક હેક્ટરમાં 250 થી વધુ જામુનના છોડ વાવી શકાય છે

જામુનના છોડ વાવવાથી 4 થી 5 વર્ષમાં ફળ આવવા લાગે છે. પરંતુ 8 વર્ષ પછી છોડ સંપૂર્ણપણે વૃક્ષોનું રૂપ લઈ લે છે. આ પછી બેરીનું ઉત્પાદન વધે છે. એટલે કે 8 વર્ષ પછી તમે જામુનના ઝાડમાંથી 80 થી 90 કિલો ફળો તોડી શકો છો. જો તમે એક હેક્ટરમાં બેરીની ખેતી કરવા માંગતા હો, તો તમે 250 થી વધુ છોડ રોપી શકો છો. આ રીતે 8 વર્ષ પછી તમે 250 જામુનના ઝાડમાંથી 20000 કિલો ફળ મેળવી શકો છો. અત્યારે બજારમાં જામુન રૂ.140 પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યું છે. આ રીતે તમે એક હેક્ટરમાં બેરીની ખેતી કરીને 20 લાખ રૂપિયાથી વધુની કમાણી કરી શકો છો.

# દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સીતાફળની ખેતી કરો

સીતાફળને ખૂબ જ ઓછી સિંચાઈની જરૂર છે. મહારાષ્ટ્ર અને ગુજરાતના ખડકાળ વિસ્તારોમાં તેની ખેતી થાય છે. જો કે, હવે ખેડૂતો કર્ણાટક, ઓડિશા, બિહાર અને આંધ્રપ્રદેશ સહિતના ઘણા રાજ્યોમાં મોટા પાયે કસ્ટર્ડ સફરજનની ખેતી કરી રહ્યા છે. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સીતાફળની ખેતી કરો, 1 એકરમાં આટલા લાખની કમાણી થશે ભારતમાં સફરજન, નારંગી, જામફળ, કેરી અને કેળાની સાથે અનેક પ્રકારના ફળોની ખેતી કરવામાં આવે છે. કેટલાક ફળ મોસમી હોય છે તો કેટલાક આખા વર્ષ દરમિયાન બજારમાં સરળતાથી મળી રહે છે. તે જ સમયે, આ ફળોની ખેતી લગભગ સમગ્ર ભારતમાં થાય છે. પરંતુ આજે અમે એક એવા ફળ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેની ખેતી માત્ર પહાડી વિસ્તારોમાં જ થાય છે. ખાસ વાત એ છે કે તે ફળ બજારમાં થોડા દિવસો માટે જ જોવા મળે છે. આ પછી તમે તેને ફળોની દુકાન પર જોઈ શકશો નહીં.

ખરેખર, અમે વાત કરી રહ્યા છીએ સીતાફળની. સીતાફળને મીઠું ફળ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને અંગ્રેજીમાં કસ્ટર્ડ એપલ કહે છે. તેમાં વિટામિન A, વિટામિન B1, વિટામિન B2 અને વિટામિન B3 સહિત ઘણા પોષક તત્વો અને ખનીજો મળી આવે છે. તેનું સેવન કરવાથી પાચન સંબંધી સમસ્યા દૂર થાય છે. હૃદયને પણ સ્વસ્થ રાખે છે. સાથે જ ડોક્ટર્સનું કહેવું છે કે કસ્ટર્ડ એપલ ખાવાથી આંખોની રોશની સુધરે છે. ઉપરાંત, કસ્ટર્ડ સફરજન વાળ અને માથાની ચામડી માટે ફાયદાકારક છે.



## વર્ષ પછી કસ્ટર્ડ એપલના ઝાડ પર ફળ આવવા લાગે છે

શરીફાને ખૂબ જ ઓછી સિંચાઈની જરૂર છે. મહારાષ્ટ્ર અને ગુજરાતના ખડકાળ વિસ્તારોમાં તેની ખેતી થાય છે. જો કે, હવે ખેડૂતો કર્ણાટક, ઓડિશા, બિહાર અને આંધ્રપ્રદેશ સહિતના ઘણા રાજ્યોમાં મોટા પાયે કસ્ટર્ડ સફરજનની ખેતી કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે કસ્ટર્ડ એપલ દેશી ફળ નથી. બિહારમાં છઠ પૂજાના સમયે બજારમાં તેની માંગ વધી જાય છે. જો તમે સીતાફળની ખેતી કરવા માંગતા હો, તો તમે તેને વાવી શકો છો. વાવણીના 40 દિવસ પછી બીજ અંકુરિત થાય છે. ત્યારબાદ 5 વર્ષ બાદ સીતાફળના ઝાડ પર ફળ આવવા લાગે છે. જો તમે ઈચ્છો તો નર્સરીમાંથી છોડ ખરીદીને બાગકામ શરૂ કરી શકો છો. એક ઝાડમાંથી ઘણા કિલો કસ્ટર્ડ સફરજન તોડી શકાય છે.

## 2 લાખ સુધીની કમાણી કરી શકે છે

શરીફામાં દુષ્કાળ સહન કરવાની શક્તિ વધુ છે. આ કિસ્સામાં, તેને ટપક પદ્ધતિથી સિંચાઈ કરવી જોઈએ. તેના બગીચામાંથી ફળોની સારી ઉપજ મેળવવા માટે સમયાંતરે ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. જો તમે ઈચ્છો તો, તમે 3-10-10 ના પ્રમાણમાં N-P-K ખાતરનો ઉપયોગ કરી શકો છો. જો તમે એક એકરમાં કસ્ટર્ડ સફરજનની ખેતી કરો છો, તો તમે 2 લાખ રૂપિયા સુધીની કમાણી કરી શકો છો.



# અનાજ ભંડાર સંગ્રહની ક્ષમતા વધારવામાં આવશે, ભારત બનશે વિશ્વની સૌથી મોટી અનાજ બેંક

### આવનારા પાંચ વર્ષમાં ભંડારણ ક્ષમતા વધીને ૨૧૫૦ લાખ ટન થઈ જશે

### દરેક બ્લોકમાં ૨૦૦૦ ટન ક્ષમતા ધરાવતા ગોદામ તૈયાર કરવામાં આવશે

ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા દેશ માટે અનાજના ભંડાર ક્રાઈસિસ ફૂડ મેનેજમેન્ટ માટે ખૂબ મહત્વના છે. કેન્દ્ર સરકારે સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ ભંડારણ યોજનાને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કૃષિ અને કિસાન કલ્યાણ વિભાગ, ઉપભોગતા બાબતો, સાર્નજનિક વિતરણ અને ખાધ્ય સંસ્કરણની ઉધોગ મંત્રાલયની કરોડો રુપિયાની યોજનાઓને પણ મંજુરી આપવામાં આવી હતી. કેન્દ્રીયમંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રમાં ખાધ્યાન્ન અનાજ ભંડારણ ક્ષમતા ૭૦૦ લાખ ટન



વધારવા માટે ૧ લાખ કરોડ રુપિયાની યોજના તૈયાર કરવામાં આવી છે. આ ભંડારણ ક્ષમતા વિશ્વમાં સૌથી વધારે હશે. આવનારા પાંચ વર્ષમાં ભંડારણ ક્ષમતા વધીને ૨૧૫૦ લાખ ટન થઈ જશે. આ અંર્તગત દરેક બ્લોકમાં ૨૦૦૦ ટન ક્ષમતા ધરાવતા ગોદામ તૈયાર કરવામાં આવશે. એક માહિતી મુજબ ભારત વિશ્વમાં સૌથી મોટો અનાજ ઉત્પાદક દેશ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચીન, અમેરિકા, બ્રાઝીલ, રશિયા અને આર્જેન્ટિના પાસે પોતાના વાર્ષિક અનાજ ઉત્પાદન કરતા પણ વધારે અનાજનો સંગ્રહ કરવાની ક્ષમતા છે. જયારે ભારતની વર્તમાન અનાજ ભંડારણ ક્ષમતા ૪૭ ટકા જ છે આથી અનાજનો ખૂબ બગાડ થાય છે અને ખેડૂતોએ સસ્તા ભાવે વેચી દેવી પડે છે. ભારતમાં વાર્ષિક ૩૧૦૦ લાખ ટન ખાધ અનાજ ઉત્પાદન થાય છે. આવા સંજોગોમાં અનાજ ભંડારણ ક્ષમતા વધારવાની તાતી જરુરીયાત હતી. અનાજ ભંડારણની ક્ષમતા વધારવાથી જ ખાધ સુરક્ષાની દિશામાં મજબૂત કદમ માંડી શકાય છે.

# યુક્રેનની રાજધાની પર ૬૦૦ ડ્રોન સાથે કર્યો સૌથી મોટો હુમલો, સેંકડો ઘરો થયા





યુક્રેનની રાજધાની પર ૬૦૦ ડ્રોન સાથે કર્યો સૌથી મોટો હુમલો, સેંકડો ઘરો થયા તબાહરશિયાએ રવિવારે વહેલી સવારે યુક્રેનની રાજધાની કિવ પર મોટો હુમલો કર્યો. ૬૦૦ થી વધુ ડ્રોન અને મિસાઈલો છોડવામાં આવ્યા, જેના કારણે સમગ્ર શહેરમાં અરાજકતા ફેલાઈ ગઈ. આ હુમલો લગભગ ૧ ૨ કલાક સુધી ચાલ્યો અને આને કિવ પરના સૌથી મોટા હુમલાઓમાંનો એક માનવામાં આવે છે.યુક્રેનિયન સૈન્યએ અહેવાલ આપ્યો છે કે, રશિયાએ ૫૯૫ ડ્રોન અને ૪૮ મિસાઈલો છોડ્યા, જેમાંથી ૫૬૮ ડ્રોન અને ૪૩ મિસાઈલો તોડી પાડવામાં આવી. રાજધાની અને અન્ય વિસ્તારોમાં નુકસાન થયું. હુમલામાં ચાર લોકો માર્યા ગયા અને ૬૭ થી વધુ લોકો ઘાયલ થયા. મૃતકોમાં ૧ ૨ વર્ષની એક છોકરી હોવાની આશંકા છે. હુમલાને કારણે પડોશી પોલેન્ડને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું હતું, તેના દક્ષિણપૂર્વીય શહેરો નજીક એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું હતું અને તેના વાયુસેનાના ફાઈટર જેટે ઉડાન ભરી હતી. રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે, આ હુમલામાં રાજધાની સહિત ઉત્તર, મધ્ય અને દક્ષિણના અનેક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા.શહેરમાં ૧૬ થી વધુ લોકો ઘાયલ થયા હતા અને અનેક ફેક્ટરીઓ તેમજ ત્યાંના ઘરોને નુકસાન થયું હતું. કિવમાં ઘણા ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા અને ઘણા વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

## ક્રૂની સીકવલમાં કરીના કન્ફર્મ, તબુ અને ક્રિતીનો રોલ અનિશ્ચિત



। મુંબઇ, તા.૩૦ ।

કરીના કપૂર, ક્રિતી સેનન અને તબુની 'ક્રુ' ફિલ્મની સીકવલ બની રહી છે. આ ફિલ્મમાં કરીના રીપિટ થશે એ લગભગ નક્કી મનાય છે. અન્ય કલાકારો વિશે હવે પછી જાહેરાત થવાની સંભાવના છે. ક્રિતી સેનન અને તબુ આ સીકવલમાં હશે કે કેમ તે અંગે અનિશ્ચિતતા સેવાય છે. જોકે, કરીનાએ આ ફિલ્મ માટે પ ોતાની સંમતિ આપી દીધી હોવાનો દાવો થઈ રહ્યો છે. 'ક્રૂ'ની સ્ટોરી આગળ વધારવા અનેક આઈડિયા વિચારાયા હતા. હવે તેમાંથી એક સ્ટોરી આઈડિયા ફાઈનલ કરાયો છે.મૂળ 'ક્રૂ' ફિલ્મ ૨૦૨૪માં રીલિઝ થઈ હતી. હાલ ફ્રેન્ચાઈઝી ફિલ્મોનો ટ્રેન્ડ ચાલી રહ્યો હોવાથી એકતા કપૂરે આ ફિલ્મની ફ્રેન્ચાઈઝી પણ આગળ વધારવાનું નક્કી કર્યુ છે. કરીના કપૂર, ક્રિતી સેનન અને તબુની 'ક્રુ' ફિલ્મની સીકવલ બની રહી છે. આ ફિલ્મમાં કરીના રીપિટ થશે એ લગભગ નક્કી મનાય છે. અન્ય કલાકારો વિશે હવે પછી જાહેરાત થવાની સંભાવના છે. ક્રિતી સેનન અને તબુ આ સીકવલમાં હશે કે કેમ તે અંગે અનિશ્ચિતતા સેવાય છે. જોકે, કરીનાએ આ ફિલ્મ માટે પોતાની સંમતિ આપી દીધી હોવાનો દાવો થઈ રહ્યો છે. 'ક્રૂ'ની સ્ટોરી આગળ વધારવા અનેક આઈડિયા વિચારાયા હતા.

### મોસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો

## રશિયાએ ઈરાન સાથે કર્યો પરમાણુ કરાર । તેહરાન નજીક આઠ પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે

**હાંસલ કરવા માટે, આઠ નવા પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે, જેમાંથી ચાર દક્ષિણ પ્રાંત બુશેહરમાં સ્થિત હશે આનાથી ઉનાળા અને સૌથી વધુ વીજળીની માંગવાળા મહિનાઓમાં ઈરાનને વીજળીની અછતમાંથી રાહત મળશે**

। કીવ, તા.૩૦ ।

રશિયા અને ઈરાન વચ્ચે ઈરાનમાં નાના પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવા માટે કરાર થયો છે. ઈરાન ૨૦૪૦ સુધીમાં ૨૦ ગીગાવોટ પરમાણુ પાવર ઉત્પન્ન કરવાનું લક્ષ્ય રાખે છે. હાલમાં, એકમાત્ર પરમાણુ રિએક્ટર ઈરાનના બુશેહરમાં કાર્યરત છે. ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સે જૂનમાં ઈરાની પરમાણુ સુવિધાઓ પર હુમલો કર્યો હતો. ઈરાન દાવો કરે છે કે તેનો કાર્યક્રમ શાંતિપૂર્ણ છે.રશિયા અને ઈરાન ઈરાનમાં નાના પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવા માટે કરાર પર પહોંચ્યા છે. આ કરાર બુધવારે મોસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો, જ્યાં રશિયન પરમાણુ એજન્સી રોસાટોમના વડા એલેક્સી લિખાચેવ અને ઈરાનના પરમાણુ વડા મોહમ્મદ ઈસ્લામી વચ્ચે વાતચીત થઈ હતી. રોસાટોમે આ પ્રોજેક્ટને વ્યૂહાત્મક ગણાવ્યો છે.ઈરાનના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ ઈસ્લામીએ જણાવ્યું હતું કે ઈરાન ૨૦૪૦ સુધીમાં ૨૦ ગીગાવોટ પરમાણુ પાવર ઉત્પન્ન કરવાની યોજના ધરાવે છે. આ હાંસલ કરવા માટે, આઠ નવા પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે, જેમાંથી ચાર દક્ષિણ પ્રાંત બુશેહરમાં સ્થિત હશે. આનાથી ઉનાળા અને સૌથી વધુ વીજળીની




માંગવાળા મહિનાઓમાં ઈરાનને વીજળીની અછતમાંથી રાહત મળશે.હાલમાં, દક્ષિણ શહેર બુશેહરમાં સ્થિત ઈરાનમાં ફક્ત એક જ પરમાણુ રિએક્ટર કાર્યરત છે. તે રશિયા દ્વારા બનાવવામાં આવ્યું હતું અને તેની ક્ષમતા ૧ ગીગાવોટ છે. રશિયા અને ઈરાન વચ્ચે મજબૂત સંબંધો છે. રશિયાએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાની પરમાણુ સુવિધાઓ પ રના હુમલાઓની ટીકા કરી હતી. ૧૩ જૂનના રોજ, ઈઝરાયલે ઈરાની પરમાણુ સુવિધાઓ અને લશ્કરી થાણાઓ પર હવાઈ હુમલો કર્યો. આ હુમલામાં ૧,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા, જેમાં ટોચના ઈરાની સૈન્ય કમાન્ડરો અને પરમાણુ વૈજ્ઞાનિકોનો સમાવેશ થાય છે. ઈરાને મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો જવાબ આપ્યો, જેમાં ડઝનેક ઈઝરાયલીઓ માર્યા ગયા. અમેરિકાએ પણ ત્રણ ઈરાની પરમાણુ સુવિધાઓ પર બોમ્બમારો કર્યો. ઈરાનનો દાવો છે કે તેનો પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ છે.૧૧ સપ્ટેમ્બરના રોજ, ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ સ્વીકાર્યું કે ઈઝરાયલી અને અમેરિકાના હુમલા બાદ ઈરાનના ઉચ્ચ-ગ્રેડ યુરેનિયમ ભંડાર કાટમાળ નીચે દટાયેલા હતા. અરાઘચીએ આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે સંયુક્ત રાષ્ટ્રના પરમાણુ નિરીક્ષક સંગઠને ઈરાનના સમૃદ્ધ યુરેનિયમ ભંડારને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો હતો.

### ૪૦૦થી વધુ લોકોને અરેસ્ટ કરાયા હોવાનું જણાવ્યા

## શિકાગોમાં આઇસીઈએ ૧૦ દિવસમાં ૫૫૦ ઈલીગલ એલિયન્સને અરેસ્ટ કર્યા

**શિકાગોમાં ગુરુવાર સુધીમાં જેટલા ઈલીગલ એલિયન્સની ધરપકડ કરવામાં આવી હતી તેમાંથી ૫૦-૬૦ ટકા ટાર્ગેટેડ ઓપરેશન દરમિયાન અરેસ્ટ થયા હતા**

। શિકાગો, તા.૩૦ ।

શિકાગોમાં ઈલીગલ ઈમિગ્રન્ટ્સ વિરુદ્ધ શરૂ કરવામાં આવેલા ઓપ રેશનમાં બે વીકથી પણ ઓછા ગાળામાં ૫૫૦ જેટલા લોકોની અરેસ્ટ કરવામાં આવી હોવાનું DHS દ્વારા જણાવવામાં આવ્યું છે. એક સિનિયર ઈમિગ્રેશન ઓફિશિયલે અસોસિએટેડ પ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં શિકાગો એરિયામાંથી ૪૦૦થી વધુ લોકોને અરેસ્ટ કરાયા હોવાનું જણાવ્યા બાદ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ ફાઈનલ આંકડો જાહેર કરતા ૫૫૦ જેટલા લોકોને કસ્ટડીમાં લેવાયા હોવાનું જણાવ્યું હતું.ઢઉૐજી દ્વારા જાહેર કરાયેલો આ આંકડો દર્શાવી રહ્યો છે કે લૉસ એન્જેલસ અને વોશિંગ્ટન ડીસી બાદ હવે શિકાગોમાં ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન મોટાપાયે ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટ શરૂ કરી ચૂક્યું છે. સપ્ટેમ્બર ૦૮ના રોજ ICEએ શિકાગો એરિયામાં ઓપરેશન મિડવે બ્લિટ્ઝની શરૂઆત કરી હતી, અમુક રિપોર્ટ્સ પ્રમાણે આ ઓપરેશન હેઠળ લેટિનોઝની વધારે વસ્તી હોય તેવા એરિયાને ખાસ ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે તેમજ ટાર્ગેટેડ રેડ ઉપરાંત ટ્રાફિક સ્ટોપ દ્વારા પણ અનડોક્યુમેન્ટેડ લોકોની ધરપકડ થઈ રહી છે અને ક્યારેક તેમાં બળપ્રયોગ પણ કરવામાં આવી રહ્યો છે.ICEના એક્ટિંગ હેડ માર્કોસ ચાર્લ્સ દ્વારા અસોસિએટેડ પ્રેસને આપવામાં આવેલા ઈન્ટરવ્યુમાં જણાવાયું હતું કે શિકાગોમાં ગુરુવાર સુધીમાં જેટલા ઈલીગલ એલિયન્સની ધરપકડ કરવામાં આવી હતી તેમાંથી ૫૦-૬૦ ટકા ટાર્ગેટેડ ઓપરેશન દરમિયાન અરેસ્ટ થયા હતા. આવા મોટાભાગના લોકોએ ક્રાઈમ કર્યો હતો કે પછી તેમના રિમૂવલ ઓર્ડર પેન્ડિંગ હોવાથી તેમને અરેસ્ટ કરવામાં આવ્યા હતા. જોકે, તે સિવાયના લોકો રેડ દરમિયાન ICEના રડારમાં ના હોય તેમ છતાંય અરેસ્ટ થઈ ગયા હોય તેવા સંભવતઃ કોઈ ક્રાઈમ રેકોર્ડ ના ધરાવતા એલિયન્સ હતા અને અમુકને ટ્રાફિક સ્ટોપ દરમિયાન અરેસટ કરાયા હતા. આવા લોકો અમેરિકામાં ઈલીગલી રહેતા હોવાથી ઝઈએ તેમની ધરપકડ કરીને તેમને ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. ICEના રડારમાં ના હોય અને તેમ છતાંય રેડ દરમિયાન જેમને અરેસ્ટ કરાયા હોય તેવી ધરપકડને કોલાટરલ અરેસ્ટ કહેવાય છે.

## કાંતારા પ્રીકવલની ટક્કરથી જાહ્નવીની ફિલ્મને સ્ક્રીનનાં ફાંફા




। મુંબઇ, તા.૩૦ ।

ઋષભ શેટ્ટીની 'કાંતારા'ની પ્રીકવલ 'કાંતારા ચેપ્ટર વન' તથા જાહ્નવી કપૂર અને વરુણ ધવનની ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી'ની બોક્સ ઓફિસ પર ટક્કર થઈ રહી છે. આથી આ બંને ફિલ્મો વચ્ચે મહત્તમ સ્ક્રીન મેળવવા ભારે પડાપડી જામી છે. 'કાંતારા'ના વિતરક વધુ તમામ થિયેટર્સ પાસેથી મહત્તમ સ્ક્રીન કાઉન્ટની માગણી કરી રહ્યા છે. તેમણે થિયેટર્સ પાસે અનેક જાતની ડિમાન્ડ મૂકી છે. બીજી તરફ જાહ્નવી અને વરુણની ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી ' માટે નિર્માતા કરણ જોહર પણ પોતાની વગ લગાડી રહ્યો છે. થિયેટર માલિકોના જણાવ્યા અનુસાર આ લડાઈમાં છેવટે તો નાના થિયેટરોના માલિકોએ નુકસાન સહન કરવાનું આવે તેવું બની શકે છે. તેમણે બંને પ્રોડક્શન હાઉસીસને આ વિવાદનો ઉકેલ લાવવા જણાવ્યું હતું. ઋષભ શેટ્ટીની 'કાંતારા'ની પ્રીકવલ 'કાંતારા ચેપ્ટર વન' તથા જાહ્નવી કપૂર અને વરુણ ધવનની ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી'ની બોક્સ ઓફિસ પર ટક્કર થઈ રહી છે. આથી આ બંને ફિલ્મો વચ્ચે મહત્તમ સ્ક્રીન મેળવવા ભારે પડાપડી જામી છે. 'કાંતારા'ના વિતરક વધુ તમામ થિયેટર્સ પાસેથી મહત્તમ સ્ક્રીન કાઉન્ટની માગણી કરી રહ્યા છે. તેમણે થિયેટર્સ પાસે અનેક જાતની ડિમાન્ડ મૂકી છે. બીજી તરફ જાહ્નવી અને વરુણની ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી ' માટે નિર્માતા કરણ જોહર પણ પોતાની વગ લગાડી રહ્યો છે.

## ટ્રમ્પના અમેરિકાના મિશિગનમાં બબાલ, ચર્ચમાં ગોળીબાર અને આગ

। વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકાના મિશિગનમાં એક ચર્ચમાં આગ ફાટી નીકળી. ગ્રાન્ડ બ્લેન્કમાં ચર્ચ ઓફ જીસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેન્ટ્સમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો. પોલીસે એક હુમલાખોરને મારી નાખ્યો છે. ઘણા લોકો ઘાયલ થયાના અહેવાલ છે, પ રંતુ ઘાયલોની સંખ્યા જાહેર કરવામાં આવી નથી.બચાવ ટીમો ચર્ચની અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે કામ કરી રહી છે. પોલીસ કહે છે કે હવે કોઈ ખતરો નથી. પોલીસે હુમલાખોરની ઓળખ જાહેર કરી નથી.આ ઘટના રસેલ એમ. નેલ્સનના મૃત્યુના એક દિવસ પ છી બની, જે લાંબા સમયથી ચર્ચના નેતા હતા અને ૧૦૧ વર્ષના હતા અને ઘણા વર્ષોથી ચર્ચના પ્રમુખ તરીકે સેવા આપી હતી. તેમના સમય દરમિયાન, ચર્ચે કેટલાક મોટા ફેરફારો કર્યા, જેમ કે મોર્મોન શબ્દનો ઉપયોગ ઓછો કરવો અને ન્ગ્બ્ઉ+ લોકો પ્રત્યે વધુ નિખાલસતા દર્શાવવી.અમેરિકાના મિશિગનમાં એક ચર્ચમાં આગ ફાટી નીકળી. ગ્રાન્ડ બ્લેન્કમાં ચર્ચ ઓફ જીસસ ક્રાઈસ્ટ ઓફ લેટર-ડે સેન્ટ્સમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો. પોલીસે એક હુમલાખોરને મારી નાખ્યો છે. ઘણા લોકો ઘાયલ થયાના અહેવાલ છે, પરંતુ ઘાયલોની સંખ્યા જાહેર કરવામાં આવી નથી.બચાવ ટીમો ચર્ચની અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે કામ કરી રહી છે.

## શિકાગો રિવરમાં હથિયારધારી એજન્ટ્સથી સજ્જ બોર્ડર પેટ્રોલની ચાર બોટ્સ ફરતી દેખાતા જાતભાતની અટકળો

। શિકાગો, તા.૩૦ ।

શિકાગોમાં ICEની કાર્યવાહી દિવસેને દિવસે આકરી બની રહી છે તેવામાં ગુરુવારે પહેલીવાર શિકાગો નદીમાં બોર્ડર પેટ્રોલની બોટ્સ જોવા મળતા શહેરમાં હવે શું થવા જઈ રહ્યું છે તે અંગે ચર્ચા શરૂ થઈ છે. શિકાગોના લોકલ મીડિયા રિપોર્ટ્સ અનુસાર ડાઉનટાઉન શિકાગોની સ્ટેટ સ્ટ્રીટ નજીક નદીમાં બોર્ડર પેટ્રોલની ચાર બોટ્સ જોવા મળી હતી અને દરેક બોટ્સમાં હથિયારોથી સજ્જ એજન્ટ્સ પણ તૈનાત હતા.શિકાગોમાં ઓપરેશન મિડવે બ્લિટ્ઝ શરૂ થયાના લગભગ પંદરેક દિવસ બાદ પહેલીવાર ડાઉનટાઉન શિકાગોમાં ફેડરલ એજન્ટ્સની હાજરી જોવા મળી છે, CBPના પ્રવક્તા ડેવિડ કિમે આ અંગે જણાવ્યું હતું કે કાયદાનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જોકે, શિકાગો રિવરમાં બોટ્સ દ્વારા પેટ્રોલિંગ કરવા પ ાછળનો શો હેતુ હતો તે અંગે CBP કે પછી બોર્ડર પેટ્રોલે હજુ સુધી ફોડ નથી પાડ્યો કારણકે જે એરિયામાં બોટ્સ ફરી રહી હતી ત્યાં કોઈ ઈન્ટરનેશનલ બોર્ડર નથી.તો બીજી તરફ, સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચામાં એવા પણ દાવા કરવામાં આવી રહ્યા છે કે ઈમિગ્રન્ટ કોમ્યુનિટીમાં ડરનો માહોલ ફેલાવવા માટે આ પ્રકારના સ્ટંટ કરવામાં આવી રહ્યા છે. મંગળવારે પણ ગુજરાતીઓની ખાસ્સી વસ્તી ધરાવતા ઓકફોરેસ્ટમાં ICEના એજન્ટ્સ ફરતા દેખાતા લોકોમાં ડર ફેલાયો હતો.લોસ એન્જેલસમાં ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટ દરમિયાન એક પબ્લિક ગાર્ડનમાં મોટી સંખ્યામાં એજન્ટ્સે એકથી દોઢ કલાક સુધી અડીંગો જમાવતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો તેવું જ કંઈક હવે શિકાગોમાં કરવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે.

### ટ્રમ્પની યોજનાને ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહૂની મંજૂરી મળી ગઈ છે

### યોજનામાં જણાવાયું છે કે, બંને પક્ષોની સંમતિથી, યુદ્ધ તાત્કાલિક સમાપ્ત થશે અને હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોને મુક્ત થાય ત્યાં સુધી ઇઝરાયલી દળો પાછા હટી જશે

## ભારતની ફોર્મ્યુલા અપનાવીને ડોનાલ્ડ ટ્રમ્પ-નેતન્યાહુ ગાઝામાં સ્થાપશે શાંતિ

। વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં શાંતિ લાવવા માટે એક યોજના બનાવી છે. ટ્રમ્પની યોજનાને ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહૂની મંજૂરી મળી ગઈ છે. હવે, હમાસની મંજૂરીની રાહ જોવાઈ રહી છે. ટ્રમ્પે ગાઝામાં શાંતિ લાવવા માટે ભારતની ફોર્મ્યુલા અપનાવી છે જેનો ઉપયોગ મોદી સરકાર કેટલાક રાજ્યોમાં કરી રહી છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ભેગા મળીને ગાઝામાં કાયમી શાંતિ લાવવા માટેની યોજનાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. બંનેએ એ જ ફોર્મ્યુલા અપનાવી છે જેનો ઉપયોગ મોદી સરકાર નક્સલવાદીઓ સામે કરી રહી છે. ટ્રમ્પ-નેતન્યાહૂની યોજના અનુસાર, હમાસે તાત્કાલિક લશ્કરી ક્ષમતાઓનો નાશ કરવો અને ટનલ અને શસ્ત્રો સહિત તમામ આતંકવાદી માળખાનો નાશ કરવો જોઈએ.મોદી સરકાર, નક્સલવાદીઓ સામે ઓપ રેશન બ્લેક ફોરેસ્ટ ચલાવી રહી છે. સરકાર ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશમાંથી નક્સલવાદને નાબૂદ કરવાની યોજના ધરાવે છે. આ ઓપરેશન હેઠળ, નક્સલવાદીઓને



શરણાગતિ સ્વીકારવાનો અને મુખ્ય પ્રવાહના સમાજમાં પાછા ફરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે.વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પે કહ્યું, ''હમાસના ખતરાને દૂર કરવામાં ઈઝરાયલને મારો સંપૂર્ણ ટેકો છે. પરંતુ મને આશા છે કે આપણે શાંતિ કરાર પર પ હોંચીશું, અને જો હમાસ આ કરારને નકારે છે, જે હંમેશા શક્ય છે, તો તેઓ જ બચી રહેશે. બાકીના બધાએ તેને સ્વીકાર્યુ છે, પરંતુ મને વિશ્વાસ છે કે આપણને સકારાત્મક પ્રતિસાદ મળશે.''યોજનામાં જણાવાયું છે કે, બંને પક્ષોની સંમતિથી, યુદ્ધ તાત્કાલિક સમાપ્ત થશે અને હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોને મુક્ત થાય ત્યાં સુધી ઈઝરાયલી દળો પાછા હટી જશે. આ પ્રારંભિક સમયગાળા દરમિયાન યુદ્ધવિરામ અમલમાં રહેશે. યોજનાનો મુખ્ય હેતુ શસ્ત્રોનો નાશ છે. આ કરાર હેઠળ, હમાસને સંપૂર્ણપણે નિઃશસ્ત્ર કરવાની અને સરકારમાં ભવિષ્યની કોઈપણ ભૂમિકામાંથી બાકાત રાખવાની જરૂર પડશે. જો કે, જે લોકો સંમત થશે તેમને માફી આપવામાં આવશે. યોજનામાં ગાઝામાં યુદ્ધનો તાત્કાલિક અંત અને ૭૨ કલાકની અંદર હમાસ દ્વારા રાખવામાં આવેલા તમામ બંધકોને મુક્ત કરવાનો પ્રસ્તાવ છે.મોદી સરકાર નક્સલવાદને નાબૂદ કરવાની યોજના ધરાવે છે. આ માટે માર્ચ ૨૦૨૬ ની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. સરકારે નક્સલવાદીઓને શરણાગતિનો વિકલ્પ ઓફર કર્યો છે.

### પડોશી દેશે ખુલ્લેઆમ કર્યુ સમર્થન

**ભૂટાનના પ્રધાનમંત્રીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં યુએનએસસીસુધારાઓની જોરદાર હિમાયત કરી હતી અને ભારતના કાયમી સભ્યપદને ખુલ્લેઆમ સમર્થન આપ્યું**

## ભારતને યુએનએસસીમાં કાયમી સભ્યપદ મળવું જોઈએ

। નવીદિલ્હી, તા.૩૦ ।

ભૂટાનના પ્રધાનમંત્રીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં યુએનએસસીસુધારાઓની જોરદાર હિમાયત કરી હતી અને ભારતના કાયમી સભ્યપદને ખુલ્લેઆમ સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓમાં, ભારત અને જાપાન જેવા દેશો સુરક્ષા પરિષદના કાયમી સભ્ય બનવાને લાયક છે.સંયુક્ત રાષ્ટ્ર મહાસભા ના ૮૦મા સત્રમાં, ભૂટાનના પ્રધાનમંત્રી શેરિંગ ટોબગેએ સુરક્ષા પરિષદ (યુએનએસસી) માં જોરદાર હિમાયત કરી હતી. ટોબગેએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે બદલાતી વૈશ્વિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને, ભારત અને જાપાન



જેવા લાયક દેશોને કાયમી સભ્યપદ મળવું જોઈએ.આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારત લાંબા સમયથી આ માંગણી ઉઠાવી રહ્યું છે, અને તાજેતરની મ્ૈંઝ્રજી વિદેશ મંત્રીઓની બેઠકમાં પણ આ અંગે સંમતિ સધાઈ હતી.ભૂટાનના વડા પ્રધાને કહ્યું કે યુએનએસસી ફક્ત શોપીસ ન રહેવું જોઈએ, પરંતુ એક અસરકારક શક્તિ બનવું જોઈએ જે વિશ્વના વાસ્તવિક પ ડકારોનો સામનો કરે છે. તેમણે કહ્યું કે ભૂટાન યુએન સુધારાને સમર્થન આપે છે, જેમાં સુરક્ષા પરિષદના વિસ્તરણનો સમાવેશ થાય છે. સુધારેલી સુરક્ષા પ રિષદમાં ભારત અને જાપાન જેવા સક્ષમ અને અગ્રણી દેશોનો સમાવેશ થવો જોઈએ.ભૂટાનનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બ્રિક્સ દેશોએ પણ યુએનએસસીમાં મોટી ભૂમિકા માટે ભારત અને બ્રાઝિલની માંગને સમર્થન આપ્યું છે. તાજેતરની બેઠકમાં, ચીન અને રશિયાએ પણ પુનરોચ્ચાર કર્યો હતો કે તેઓ ભારત અને બ્રાઝિલની મહત્વાકાંક્ષાઓનું સન્માન કરે છે અને તેમને સુરક્ષા પરિષદમાં મજબૂત ભૂમિકા ભજવતા જોવા માંગે છે.ભારત લાંબા સમયથી યુએનએસસીમાં સુધારા અને એશિયન અને આફ્રિકન દેશોની ભાગીદારી વધારવાની માંગ કરી રહ્યું છે, પરંતુ ચીનના વિરોધને કારણે આ અટકી ગયું છે. યુએનએસસીએ સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગોમાંથી એક છે, જેમાં પાંચ કાયમી અને દસ બિન-કાયમી સભ્યોનો સમાવેશ થાય છે. કાયમી સભ્યો, જેને પીપ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમની પાસે વીટો પાવર છે. બિન-કાયમી સભ્યો દર બે વર્ષે બદલાય છે.

આ પાંચ કાયમી સભ્યોમાંથી, ભારતના ચીન સિવાય બધા સાથે સારા અને મજબૂત સંબંધો છે. ફ્રાન્સ પહેલાથી જ ભારતના કાયમી સભ્યપદને ટેકો આપી ચૂક્યું છે. જો ચીન આમાં અવરોધ નહીં લાવે, તો યુએનએસસીમાં કાયમી પ્રવેશનો માર્ગ મોકળો થઈ શકે છે.

## સરદાર સરોવર ૯૯ ટકા જેટલું ભરાઇ જતા દૂર દૂર સુધી માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યુ છે

# ગુજરાત રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૯ ટકા ભરાયો । પાણીની ચિંતા ટળી!

**નર્મદા નદી પરના સરદાર સરોવરમાં ઉપરવાસમાંથી પાણીનો પ્રવાહ ચાલુ રહેતા ચોમાસાની આ સિઝનમાં પ્રથમ વખત નર્મદા ડેમ ૧૩૮ મીટરને પાર પહોંચ્યો છે**

। પ્રતિનિધિ, નર્મદા, તા.૩૦ ।

સરદાર સરોવર ૯૯ ટકા જેટલું ભરાઈ જતા દૂર દૂર સુધી માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યુ છે. હાલ ત્યાંનો કુદરતી નજારો ઘણો જ અદભૂત બન્યો છે. ઉપરવાસમાંથી પાણીની આવક ૭૮૨૮૨ ક્યૂસેક છે.નર્મદાઃ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ સિઝનમાં પહેલી વાર ૯૯ ટકા ભરાયો છે. નર્મદા નદી પરના સરદાર સરોવરમાં ઉપરવાસમાંથી પાણીનો પ્રવાહ ચાલુ રહેતા ચોમાસાની આ સિઝનમાં પ્રથમ વખત નર્મદા ડેમ ૧૩૮ મીટરને પાર પહોંચ્યો છે. આજે નર્મદા ડેમની સપાટી ૧૩૮.૨૨ મીટર પર પહોંચી છે. ઉલ્લેખનીય છે કે, નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. ડેમ સંપૂર્ણ ભરાવાને હવે માત્ર ૦.૪૬ સેન્ટિમીટર દૂર છે.સરદાર સરોવર ૯૯ ટકા જેટલું ભરાઈ જતા દૂર દૂર સુધી માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. હાલ ત્યાંનો કુદરતી નજારો ઘણો જ અદભૂત બન્યો છે. ઉપરવાસમાંથી પાણીની આવક ૭૮૨૮૨ ક્યૂસેક છે. જેની સામે ૪૭૧૭૭ ક્યૂસેક પાણી નદીમાં છોડાઈ રહ્યું છે. હાલમાં આરબીપીએચ અને સીએચપીએચના ટર્બાઈન દ્વારા વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. નર્મદા ડેમના તમામ દરવાજા આવતી સિઝન સુધી બંધ કરવામાં આવ્યા છે.નર્મદા ડેમ છલોછલ ભરાઈ ગયો છે. જેના કારણે ગુજરાતની પાણીની ચિંતા ટળી છે.આ બંધની શાખા અને પેટા શાખા નહેરો દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત રાજ્યના તમામ જિલ્લાઓના અંતરિયાળ ગામો સુધી સિંચાઈનું પાણી પહોંચે છે. બાંધકામ ક્ષેત્રે આ બંધ આર.સી.સી. (સિમેન્ટ કોંક્રિટ)થી બનેલા બંધોમાં દ્વિતિય ક્રમે આવતો વિશાળ બંધ છે. આ બંધમાં ઉત્પન્ન થતી જળ વિદ્યુતથી, ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશ પણ લાભ મેળવે છે.ગુજરાતની ૧૭,૯૨૦ ચો.કિ.મી. જમીન, કે જે ૧૨ જિલ્લા, ૬૨ તાલુકા અને ૩૩૯૩ ગામોમાં પથરાયેલી છે (જે પૈકીની પોણા ભાગની જમીન દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારોમાં છે) અને રાજસ્થાનનાં બાડમેર અને જાલોર જિલ્લાઓની ૭૩૦ ચો.કિ.મી. ની ઉજ્જડ જમીનને સિંચાઈનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે.



નર્મદા ડેમના તમામ દરવાજા આવતી સિઝન સુધી બંધ કરવામાં આવ્યા છે.નર્મદા ડેમ છલોછલ ભરાઈ ગયો છે. જેના કારણે ગુજરાતની પાણીની ચિંતા ટળી છે.આ બંધની શાખા અને પેટા શાખા નહેરો દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત રાજ્યના તમામ જિલ્લાઓના અંતરિયાળ ગામો સુધી સિંચાઇનું પાણી પહોંચે છે. બાંધકામ ક્ષેત્રે આ બંધ આર.સી.સી. (સિમેન્ટ કોંક્રિટ)થી બનેલા બંધોમાં દ્વિતિય ક્રમે આવતો વિશાળ બંધ છે. આ બંધમાં ઉત્પન્ન થતી જળ વિદ્યુતથી, ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશ પણ લાભ મેળવે છે.ગુજરાતની ૧૭,૯૨૦ ચો.કિ.મી. જમીન, કે જે ૧૨ જિલ્લા, ૬૨ તાલુકા અને ૩૩૯૩ ગામોમાં પથરાયેલી છે (જે પૈકીની પોણા ભાગની જમીન દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારોમાં છે) અને રાજસ્થાનનાં બાડમેર અને જાલોર જિલ્લાઓની ૭૩૦ ચો.કિ.મી. ની ઉજ્જડ જમીનને સિંચાઇનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે.

## ઓક્ટોબરનો પગાર તથા પેન્શન વહેલાં ચુકવણી કરવા પાલિકાના તમામ ખાતાએ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે

# દિવાળીને અનુલક્ષીને વડોદરા પાલિકાના કર્મચારીઓના પગાર-પેન્શનના વહેલાં

**બેન્ક દ્વારા પગાર મેળવતાં તમામ કર્મચારીઓના પગાર પત્રકો માટે આઈ.ટી. શાખામાં ડેટા એન્ટ્રી માટેના પેરોલના ડેટા ફોર્મસ તા.૦૪.૧૦.૨૦૨૫ સુધીમાં મોકલી આપવાના રહેશે**

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને કર્મચારીઓ/પેન્શનરઓને માહે ઓકટોબરનો પગાર તથા પેન્શન વહેલાં ચુકવણી કરવા પાલિકાના તમામ ખાતાએ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. જે અંગે એકાઉન્ટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. એમાં જણાવાયું છે કે, બેન્ક દ્વારા પગાર મેળવતાં તમામ કર્મચારીઓના પગાર પત્રકો માટે આઈ.ટી. શાખામાં ડેટા એન્ટ્રી માટેના પેરોલના ડેટા ફોર્મસ તા.૦૪.૧૦.૨૦૨૫ સુધીમાં મોકલી આપવાના રહેશે, પગાર પત્રકો આઈ.ટી. શાખાએથી તા.૦૮.૧૦.૨૦૨૫ના રોજ મેળવી, ઓડીટ શાખામાં તા.૧૦.૧૦.૨૦૨૫ સુધીમાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ પત્રકો ઓડીટ કરાવી તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી હિસાબી શાખાએ ચુકવણા અર્થે મોકલી આપવાના રહેશે.રોજીંદારી-ખંડ સમયના કર્મચારીઓની અને ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓની તા.૨૧ સપ્ટેમ્બરથી ૮ ઓકટોબરની હાજરીની માહિતી તા.૯.૧૦.૨૦૨૫ના રોજ બપોર સુધીમાં આઈ.ટી. શાખાને મોકલી આપવાની રહેશે. જેના તૈયાર થયેલા પત્રકો તા.૧૦.૧૦.૨૦૨૫ના રોજ બપોર બાદ મેળવી ઓડીટ કરાવી હિસાબી શાખાએ ચુકવણાં અર્થે તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી રજુ કરવાના રહેશે.




## ફોર્મ ઓનલાઈન ભર્યા બાદ સરકારની અન્ય ૮ યોજનાઓના લાભ આપવામાં આવશે

# વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરી ફરિયાઓને ધંધાર્થે લોન આપવા પ્રથમ દિવસે યોજાયેલા મેળામાં ૧૫૯૫ એ લાભ લીધો

**આ યોજના અંતર્ગત લોનની રકમનું પુર્નગઠન કરી પ્રથમ લોન ૧૫૦૦૦, બીજી લોન ૨૫૦૦૦ તથા ત્રીજી લોન પેટે ૫૦૦૦૦ અંગેના ફોર્મ તબક્કાવાર ભરાવવામાં આવશે**

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરી ફેરિયાઓને વર્કિંગ કેપિટલ લોન અપાવવા માટે પીએમ સ્વ નિધિ યોજના અંતર્ગત પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારના લોકો માટે લોક કલ્યાણ મેળો યોજવામાં આવ્યા બાદ આજે પૂર્વ અને ઉત્તર વિસ્તારના લોકો માટે લોક કલ્યાણ મેળાનું આયોજન કરાયું હતું. આ યોજના અંતર્ગત લોનની રકમનું પુર્નગઠન કરી પ્રથમ લોન ૧૫૦૦૦, બીજી લોન ૨૫૦૦૦ તથા ત્રીજી લોન પેટે ૫૦૦૦૦ અંગેના ફોર્મ તબક્કાવાર ભરાવવામાં આવશે. લોક કલ્યાણ મેળામાં શહેરી ફેરીયાઓનું પ્રોફાઈલિંગનું ફોર્મ ઓનલાઈન ભર્યા બાદ સરકારની અન્ય ૮ યોજનાઓના લાભ આપવામાં આવશે. આ યોજના જ્યારથી શરૂ થઈ છે, ત્યારથી ગત ડિસેમ્બર સુધીમાં વડોદરામાં કૂલ ૫૩૧૫૪ ના લક્ષ્યાંક સામે ૫૩૯૪૫ શેરી ફેરીયાઓની લોન બેંક દ્વારા મંજૂર કરવામાં આવી હતી. પશ્ચિમ તથા દક્ષિણ વિસ્તારનાં લોક કલ્યાણ મેળામાં શહેરી ફેરિયાઓ માટે પીએમ સ્વનિધિની લોન મેળવવા રજીસ્ટ્રેશન, ડીઝીટલ ઓનબોર્ડીંગ તેમજ સરકારની અન્ય યોજનાઓનો ૧૫૬૫ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધેલો હતો.



## સુરત પાલિકાના ફૂડ વિભાગે

# સુરત શહેરમાં દશેરા પહેલા ફરસાણની દુકાનોમાંથી ફાફડા-જલેબીના સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલાયા

**સુરતમાં દશેરાના દિવસે લોકો જે ફાફડા અને જલેબી ખાય છે તે આરોગ્યપ્રદ છે કે નહીં તે જાણવા માટે સુરત મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરી**

। પ્રતિનિધિ, સુરત,તા.૩૦ ।

સુરત સહિત સમગ્ર ગુજરાતમાં દશેરાના દિવસે કરોડો રૂપિયાના ફાફડા અને જલેબીનું વેચાણ થાય છે. આ ફાફડા જલેબી લોકોના આરોગ્ય માટે સુરક્ષિત છે કે નહીં તે જાણવા માટે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે ફાફડા-જલેબીના સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરી છે. સુરત પાલિકાના ફુડ વિભાગની ટીમે શહેરના જુદા જુદા વિસ્તારમાં ફરસાણું વેચાણ કરતી દુકાનોમાં ચકાસણી કરી અને ફાફડા જલેબીના સેમ્પલ લીધા છે અને ચકાશણી માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

ખાણીપીણીના શોખીન સુરતીઓ દશેરાના દિવસે કરોડો રૂપિયાના ફાફડા-જલેબી ઝાપટી જતા હોય છે. આ દિવસે ફાફડા અને જલેબીને વેચાણમાં ભારે ઉછાળો આવે છે. દશેરાના દિવસે ફાફડા અને જલેબીની ભારે ડિમાન્ડ હોવાથી ફરસાણ વેચાણ કરનારા વેપારીઓની દુકાને લાંબી લાંબી લાઈનો જોવા મળે છે. દશેરાના દિવસે ફાફડા અને જલેબી ના વેચાણમાં તેજી હોવાથી ફરસાણ બનાવનારા સાથે-સાથે ફાફડા જલેબીનું વેચાણ કરે છે. મોટી સંખ્યામાં ફાફડા જલેબી નો ઓર્ડર હોવાથી દશેરાના આગલા દિવસથી જ વેપારીઓ ફાફડા બનાવવાની કામગીરી શરૂ કરી દે છે સુરતમાં દશેરાના દિવસે લોકો જે ફાફડા અને જલેબી ખાય છે તે આરોગ્યપ્રદ છે કે નહીં તે જાણવા માટે સુરત મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરી છે. પાલિકાના ફુડ વિભાગના જણાવ્યા પ્રમાણે આ સેમ્પલ લીધા બાદ તેની ચકાસણી લેબમાં મોકલાશે. જો કોઈ વેપારી પાસે લીધેલા સેમ્પલ તપાસમાં નિષ્ફળ જાય તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ વિભાગે સેમ્પલ લેવાની કામગીરી સાથે સાથે ફરસાણની દુકાનમાં સફાઈ ની કામગીરી નું પણ નિરીક્ષણ કર્યુ હતું.



## પૂર્વ સાંસદ હરીભાઈ ચૌધરી અને ડેરીના પૂર્વ ડિરેક્ટર અણદાભાઈ પટેલનું પત્તુ કપાયું

# બનાસ ડેરીની ચૂંટણીમાં નિયામક મંડળની ૧૫ બેઠકો બિનહરીફ : દાંતા બેઠક ઉપર અસમંજસ

**દાંતા બેઠક ઉપર બે ઉમેદવારો મેદાનમાં રહેતા સંભવત : ચૂંટણીની ઔપચારિકતા પૂર્ણ કરાશે : ડેરીના ચેરમેન પદે ત્રીજીવાર શંકરભાઈ ચૌધરી આરૂઢ થવાના સંજોગો**



। પ્રતિનિધિ, પાલનપુર, તા.૩૦ ।

બનાસ ડેરીના નિયામક મંડળની ૧૬ બેઠકો માટે ચૂંટણીનું બ્યુગલ ફૂંકાયું હતું. સોમવારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે બાકી રહેલી ૬ બેઠકો માટે ભાજપે પોતાના સત્તાવાર ઉમેદવારોની ઘોષણા કરી હતી. જેમાં બનાસકાંઠાના પૂર્વ સાંસદ હરીભાઈ ચૌધરી તેમજ ડેરીના પૂર્વ ડિરેક્ટર અણદાભાઈ પટેલનું પત્તુ કપાયું હતું. જેના પગલે અન્ય ઉમેદવારોએ ભાજપના સત્તાવાર ઉમેદવારોના સમર્થનમાં પોતાની દાવેદારી પરત ખેંચી લેતાં ૧૬ પૈકી ૧૫ બેઠકો બિનહરીફ થઈ હતી. જ્યારે એકમાત્ર દાંતા બેઠક ઉપર બે ઉમેદવારો ચુંટણીના મેદાનમાં રહેતા આ બેઠક માટે ચુંટણીની ઔપચારીકતા પૂર્ણ કરવામાં આવે તેવા સંજોગો છે. બનાસ ડેરીની પ્રતિષ્ઠા ભરી જંગમાં આજે ઉમેદવારીપત્રો પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો. આ ચૂંટણીમાં શરૂઆતના તબક્કામાં ભાજપ સામે કેટલાક ભાજપના દિગ્ગજ ઉમેદવારોએ ડિરેક્ટરના પદ માટે ઉમેદવારી નોંધાવતા સમીકરણો બદલાયા હતા.

જોકે, સમજાવટના પરિણા સ્વરૂપ અગાઉ ૧૦ બેઠકો બિનહરીફ બની હતી. જ્યારે સોમવારે ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે ભાજપે બાકીના છ ડિરેક્ટરો માટે પોતાના સત્તાવાર ઉમેદવારોના નામ જાહેર કરતા ચૂંટણી લડવા ઈચ્છુક એવા પૂર્વ કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી તથા સહકારી માળખાના જુના જોગી અણદાભાઈ પટેલનું પત્તું કપાતા પાંચ સીટો ઉપર ભાજપના સત્તાવાર ઉમેદવારોના સમર્થનમાં હરીફ ઉમેદવારો એ પોતાની ઉમેદવારી પરત ખેંચી લેતાં ૧૫ બેઠકો બિનહરીફ જાહેર થયેલ છે. આગામી દિવસોમાં બનાસડેરીના નવીન ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણીમાં વર્તમાન ચેરમેન શંકર ચૌધરી હેટ્રીક બનાવે તેમ છે.ત્રીજી વાર હેટ્રિક શંકરભાઈ ચૌધરી ચેરમેન પદે આરૂઢ થશે. જોકે, તે પહેલાં દાંતા બેઠક પર ગુંચવાયેલું કોકડું ઉકેલવામાં આવશે. પરંતુ બે ઉમેદવારો બાકી રહ્યા હોઈ ચુંટણી પ્રક્રિયા અનિવાર્ય બની જશે. બનાસ ડેરીની દાંતા બેઠક ઉપર પાંચ ઉમેદવારી પત્રો ભરાયા હતા.

# વાદલડી વરસી રે... ગુજરાતમાં વરસાદની આગાહી, ૫ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

ચોમાસાની વિદાય સમયે ગુજરાતના કટેલાક વિસ્તારોમાં ગાજવીજ અને ભારે પવન ફૂંકાવવાની સાથે વરસાદ વરસી રહ્યો છે. નવરાત્રિના તહેવારમાં વરસાદ થતાં ખેલૈયાઓ અને ગરબી આયોજકો મુશ્કેલીમાં મૂકાયા છે, ત્યારે હવામાન વિભાગે હજુ ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે.

જેમાં ત્રણ દિવસ સૌરાષ્ટ્રના ૬થી વધુ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં મંગળવારે (૩૦ સપ્ટેમ્બર) ૫ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.હવામાન વિભાગની આગાહી મુજબ, ૩૦ સપ્ટેમ્બરના રોજ રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ અને કચ્છ, જામનગર, અમરેલી જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે.

ચોમાસાની વિદાય સમયે ગુજરાતના કટેલાક વિસ્તારોમાં ગાજવીજ અને ભારે પવન ફૂંકાવવાની સાથે વરસાદ વરસી રહ્યો છે.



# રાજકોટના શાપર વેરાવળમાં શ્વાનનો આતંક, જેને ખવડાવતા હતા તેણે જ બાળકીને ફાડી ખાધી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૩૦ ।

રાજકોટ જિલ્લામાં શ્વાનનો આતંક યથાવત છે. સોમવારે શાપર-વેરાવળમાં એક અત્યંત કરુણ ઘટના બની છે, એક રખડતા શ્વાને પાંચ વર્ષની માસુમ બાળકીનો ભોગ લીધો છે. આ ઘટના બાદ બાળકીના પરિવારના સભ્યો આઘાત અને શોકમાં સ્તબ્ધ થઈ ગયા છે.પ્રાપ્ત માહિતી મુજબ શાપર-વેરાવળમાં ભૂમિ ગેઈટ નજીક ગોલ્ડન સ્ટાર કંપની પાસે સોમવારે સવારે આઠેક વાગ્યે વિરલ અંબુભાઈ વિણામા નામની પાંચ વર્ષની બાળકી રમી રહી હતી. ત્યારે રખડતા શ્વાને તેની ઉપર હુમલો કર્યા.

# જેસર તાલુકાના રાણીગામ પાસે શેત્રુંજી નદીના વ્હેણમાં કાર તણાઈ । ભારે વરસાદના પગલે નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો

। પ્રતિનિધિ, ગારિયાધાર, તા.૩૦ ।

જેસર તાલુકાના રાણીગામ પાસે શેત્રુંજી નદીના વ્હેણમાં ગત મોડી રાત્રે એક કાર તણાઈ હતી. જે કારમાં સવાર ત્રણ લોકોને રાણીગામના ગ્રામજનો દ્વારા બચાવી લેવાયા હતા. જેસર તાલુકાના રાણીગામ પાસે ગત રાત્રિના શેત્રુજી નદીમાં પાણીની આવક થતા નદીનું જળસ્તર વધ્યું હતું. ગત રાત્રિના ૧૧ કલાકના સમયગાળામાં મહુવાથી રૂપાવટી આશ્રમ પરત આવતા રૂપાવટી શામળા બાપા આશ્રમના મહંત મોહન બાપાની ઈનોવા કાર રાણીગામ ચોકડી પાસે પહોંચી હતી જ્યાં આગળ શેત્રુંજી નદીના પટમાં ભારે વરસાદના પગલે પાણીની આવક શરૂ થઈ જવા પામી હતી. જે ધસમસતા પાણીમાં કાર પસાર કરતા કાર પાણીના પ્રવાહમાં તણાઈ હતી. જોકે સદ્નસીબે કાર નજીકના બાવળ પાસે અટકી જતા ચોકડીએ ઉભેલા રાણીગામના ગ્રામજનો દ્વારા દોરડાઓ વડે રૂપાવટી આશ્રમના મહંત મોહનબાપા સહિત ત્રણ લોકોને બચાવી લેવાયા હતા. જ્યારે કાર પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ હતી. જેને આજે સવારે ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવી હતી. સ્થાનિક ગ્રામજનોની સતર્કતાને લીધે મોટી દુર્ઘટના થતા અટકી હતી. જેસર તાલુકાના રાણીગામ પાસે શેત્રુંજી નદીના વ્હેણમાં ગત મોડી રાત્રે એક કાર તણાઈ હતી. જે કારમાં સવાર ત્રણ લોકોને રાણીગામના ગ્રામજનો દ્વારા બચાવી લેવાયા હતા.જેસર તાલુકાના રાણીગામ પાસે ગત રાત્રિના શેત્રુજી નદીમાં પાણીની આવક થતા નદીનું જળસ્તર વધ્યું હતું. ગત રાત્રિના ૧૧ કલાકના સમયગાળામાં મહુવાથી રૂપાવટી આશ્રમ પરત આવતા રૂપાવટી શામળા બાપા આશ્રમના મહંત મોહન બાપાની ઈનોવા કાર રાણીગામ ચોકડી પાસે પહોંચી હતી.

## રૂા. ૧.૯૧ લાખના દાગીના સાથે ઝડપી પાડયા

# મહિલાઓના દાગીના લૂંટનાર બે મહિલા સહિત ચાર પકડાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

ઓઢવ પોલીસે બે યુવકો અને અમરાઈવાડી પોલીસે બે મહિલાને લૂંટના રૂા. ૧.૯૧ લાખના દાગીના સાથે ઝડપી પાડયા છે. જેમાં ઓઢવમાં ત્રણ દિવસ પહેલા મંદિરનું સરનામું પૂછવાના બહાને દાગીના પવિત્ર કરવાનું કહીને મહિલા પાસેની બુટ્ટી થેલીમાં મૂકાવી અને મંત્રોચ્ચાર કરવાનું નાટક રચીને રૂા. ૫૦,૦૦૦ની કિંમતની બે બુટ્ટીઓ નજર ચૂકવીને લઈ ગયા હતા તેમજ નિકોલમાં પણ મહિલા પાસે રૂા.૧૫ હજારની બુટ્ટીઓ પડાવી હતી. જ્યારે અમરાઈવાડી પોલીસે પકડેલી બે મહિલાઓ જ્વેલર્સની દુકાન બહાર એક મહિલા પાસેથી રૂા. ૯૦ હજારના દાગીના લઈને નાસી ગઈ હતી. બે યુવકોએ ઓઢવ અને નિકોલમાં મહિલાઓ પાસે એક લાખના દાગીના પડાવેલા અમરાઈવાડીમાં બે મહિલાએ જ્વેલર્સની દુકાન બહારથી ૯૧ હજારની દાગીના લૂંટેલા ઓઢવ પોલીસે સીસીટીવી ફૂટેજ આધારે ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે રહેતા બે શખ્સોની ધરપકડ કરી પૂછપરછ કરી હતી.

લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt



પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya